RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો વદ -૮ સોમવાર તા.૦૨-૧૧-૨૦૨૬ અંક : ૦૬ વર્ષ : ૨૪ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

બંગાળની ખાડીમાં મુરાસુ વાવાઝોડાએ ધારણ કર્યું ગંભીર સ્વરૂપ

ઓંગોલ પાસે દરિયાકાંઠે ટકરાશે વાવાઝોડું, સ્કૂલો બંધ, તોફાની પવન સાથે આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ભારે વરસાદનું એલર્ટ

ચેન્નાઇ,

બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું 'મુરાસુ' ભયાનક બન્યું છે. આજે સોમવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી મંગળવાર સવારે ૪:૦૦ વાગ્યા દરમિયાન આ વાવાઝોડું દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે, ઓંગોલ પાસે નેલ્લોર અને નરસાપુર વચ્ચે ટકરાશે. ૧૦૦ થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં ભારે વરસાદનું એલર્ટ છે. ચેન્નાઈમાં શાળાઓ બંધ કરાઈ છે.



બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું 'મુરાસુ' ભયાનક બની ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૬ કલાક દરમિયાન આ વાવાઝોડું લગભગ ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું સોમવાર રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી મંગળવાર સવારના ૪:૦૦ વાગ્યા દરમિયાન દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ટકરાવાની પૂરેપૂરી શક્યતા છે.આ વાવાઝોડું ઓંગોલ નજીક આવેલા નેલ્લોર અને નરસાપુર વચ્ચેના વિસ્તારમાંથી પસાર થઈ શકે છે. દરિયાકાંઠે ટકરાતી વખતે વાવાઝોડાની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની આશંકા છે, જ્યારે પવનના તીવ્ર ઝાપટાં સાથે આ ગતિ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. સોમવારે મોડી રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ આ સિસ્ટમ ચેન્નાઈથી લગભગ ૨૬૦ કિલોમીટર દૂર પૂર્વ-ઉત્તર-પૂર્વ દિશામાં કેન્દ્રિત હતી.

વાવાઝોડાની અસરના કારણે ૨ અને ૩ નવેમ્બરના રોજ આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારો અને રાયલસીમામાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ પણ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તર તમિલનાડુના કેટલાક ભાગોમાં મધ્યમ વરસાદ થવાની શક્યતા છે.વાવાઝોડા 'મુરાસુ'ના ખતરાને ધ્યાનમાં રાખીને ચેન્નાઈની તમામ શાળાઓમાં સોમવાર માટે રજા જાહેર કરી દેવામાં આવી છે. તીવ્ર પવનના કારણે ઝાડ પડી જવા, વીજળીના વાયરો તૂટી જવા અને નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવવાનું જોખમ રહેલું છે. જેને પગલે માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે અને સ્થાનિક પ્રશાસને રાહત તથા બચાવ કામગીરી માટે તૈયારીઓ તેજ કરી દીધી છે.

નેતન્યાહૂ સત્તા માટે વિપક્ષ સાથે હાથ મિલાવવા પણ તૈયાર

જેરુસલેમ,

ઈઝરાયલમાં યોજાયેલી સંસદીય ચૂંટણીમાં કોઈ પણ પક્ષ કે જૂથને સ્પષ્ટ બહુમતી ન મળતાં દેશમાં ત્રિશંકુ સંસદની સ્થિતિ નિર્માણ પામી છે. કુલ ૧૨૦ સભ્યો ધરાવતી ઈઝરાયલી સંસદમાં સરકાર રચવા માટે ૬૧ બેઠકોની જરૂરિયાત છે, પરંતુ વર્તમાન વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂનું લિકુડ પ્રમુખપદ હેઠળનું જૂથ માત્ર ૫૩ બેઠકો પર જ અટકી ગયું છે. જેમાં તેમની પોતાની લિકુડ પાર્ટીને ૨૭ બેઠકો મળી છે.

બીજી તરફ, ગાદી આઇઝનકોટના નેતૃત્વ હેઠળના વિપક્ષી જૂથને ૪૮ બેઠકો (યશાર, ટુગેધર, ડેમોક્રેટ્સ, વાઈબી) મળી છે, જ્યારે ઐતિહાસિક સફળતા મેળવતાં અરબ પાર્ટીઓએ ૧૯ બેઠકો પર વિજય મેળવીને કિંગમેકરની ભૂમિકા હાંસલ કરી છે. સત્તા ગુમાવવાની આશંકા વચ્ચે, નેતન્યાહૂએ સાર્વજનિક રીતે ભલે રાષ્ટ્રીય એકતા સરકારના વિચારને ફગાવ્યો હોય, પરંતુ લિકુડ પાર્ટીના આંતરિક સૂત્રો મુજબ તેઓ વિપક્ષી નેતા ગાદી આઇઝનકોટ સાથે ગઠબંધનના તમામ શક્ય વિકલ્પો પર ગંભીર વિચારણા કરી રહ્યા છે.

નેતન્યાહૂને ભય સતાવી રહ્યો છે કે જો તેઓ પહેલ નહીં કરે તો આઇઝનકોટ તેમને સત્તા પરથી હટાવવા માટે ૧૯ બેઠકો ધરાવતી અરબ પાર્ટીઓ અને અલ્ટ્રા-ઓર્થોડોક્સ પક્ષો સાથે હાથ મિલાવીને ૬૩ બેઠકોનું નવું સમીકરણ બનાવી શકે છે. જોકે, આઇઝનકોટ ગઠબંધનમાં જોડાવા માટે અરબ પક્ષો પાસે હમાસને આતંકી સંગઠન ગણવાની અને તેમના હથિયારો જપ્ત કરવાના સમર્થનની શરતો મૂકી રહ્યા છે.

સગાઈમાંથી ઘરે પરત ફરતા નડ્યો અકસ્માત, વેન- ટ્રેલરની ટક્કરમાં ૬ વ્યક્તિનાં મોત

સંબંધિના ઘરે સગાઈમાં હાજરી આપી મોડી રાત્રે પરત ફરી રહેલા પરિવાર પર કાળ બનીને ત્રાટક્યું ટ્રેલર

લખનઉ,

ખુશી હજુ ઓસરી પણ નહોતી ત્યાં એક ભયાનક અકસ્માતે પરિવારની ખુશીઓ છીનવી લીધી, મોડી રાત્રે ઘરે પરત ફરી રહેલી વેન સામેથી આવતા ટ્રેલર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે છ લોકોનાં મોત થયાં, જ્યારે એક કિશોર ગંભીર રીતે ઘાયલ થયો છે. ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, વેનમાં સવાર તમામ લોકો દેવરાજ પિપરા ગામમાં એક સંબંધીના ઘરે સગાઈમાં હાજરી આપવા ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેઓ મોડી રાત્રે પોતાના ગામ ભલુહી પરત ફરી રહ્યા હતા.

આ દરમિયાન હાટા કોતવાલી વિસ્તારમાં સામેથી આવી રહેલા ટ્રેલર સાથે તેમની વેનની ભયાનક ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે વેનનો બૂકડો બોલી ગયો હતો અને વાહનને ભારે નુકસાન થયું હતું, અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી.

અમેરિકાના ફ્લોરિડામા રોડ પર વિમાન ક્રેશ, ૯ના મોત

ટેક્સાસથી બહામાસ જઈ રહ્યું હતું વિમાન, પ્રમુખ ટ્રમ્પના પેલેસથી લગભગ ૧૧ કિ.મી.ના અંતરે જ સર્જાઈ દુર્ઘટના

ફ્લોરિડા,

અમેરિકાના ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઈવેટ બિઝનેસ જેટ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ટેક્સાસથી બહામાસ જઈ રહેલું નિટ્ઢીી ૬૦ નામનું આ વિમાન અનિયંત્રિત થઈને જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ ૯ લોકોના કરુણ મોત થયા છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.



અમેરિકાના ફ્લોરિડા ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઈવેટ બિઝનેસ જેટ વિમાન અચાનક અનિયંત્રિત થઈને મિસાઈલની માફક સીધું જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૯ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. અમેરિકાના પરિવહન મંત્રી શૉન ડફીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. આ દુર્ઘટના પ્રમુખ ટ્રમ્પના પેલેસથી લગભગ ૧૧ કિ.મી.ના અંતરે જ સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, 'લિયરજેટ ૬૦' નામનું આ પ્રાઈવેટ બિઝનેસ જેટ ટેક્સાસના ઓસ્ટિન-બર્ગસ્ટ્રોમ ઈન્ટરનેશનલ એરપોર્ટથી બહામાસ માટે રવાના થયું હતું. ઓસ્ટિન એરપોર્ટના પ્રવક્તા જિમ રેનોલ્ડ્સે આ દુર્ઘટનાને એક મોટી ત્રાસદી ગણાવી છે. દુર્ઘટના પહેલાં એર ટ્રાફિક કંટ્રોલ સાથેની રેડિયો વાતચીતમાં પાઈલટે જણાવ્યું હતું કે વિમાન પર બરફ જામી રહ્યો છે, બહારનું તાપમાન -૪૭ ડિગ્રી સેલ્સિયસ છે અને મધ્યમ સ્તરનું ટર્બુલેન્સ છે. જો કે, થોડી જ ક્ષણોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ અને પાયલટે કટોકટી જાહેર કરતાં કહ્યું કે વિમાન ૨૦૦૦૦ થી ૨૨૦૦૦ ફૂટ પ્રતિ મિનિટની અત્યંત ઝડપે નીચે જઈ રહ્યું છે અને ઓવરસ્પીડની સ્થિતિ છે.

હવાઈ ટિકિટના ભાવ પર સરકારનો અંકુશ હટશે, એરલાઈન્સને મળશે ભાડાં નક્કી કરવાની છૂટછાટ

કેન્દ્ર સરકારની નવી એરફેર પોલિસીથી ૧ જાન્યુઆરીથી એરલાઈન્સને મનમુજબ ભાડાં નક્કી કરવાની છૂટ; સામાન્ય મુસાફરો પર પડશે વધારાનો બોજ

નવીદિલ્હી,

હવાઈ મુસાફરો માટે મોટા અને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે હવાઈ ભાડાંને લઈને એક નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નવા નિયમ મુજબ, આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૬થી સરકાર હવાઈ ટિકિટના દર વધારવા કે ઘટાડવા બાબતે કોઈપણ પ્રકારની દખલગીરી કરશે નહીં. આ સાથે જ એરલાઈન્સ કંપનીઓને પોતાનું સંચાલન ખર્ચ ધ્યાનમાં રાખીને મનમરજી મુજબ ભાડું નક્કી કરવાની સંપૂર્ણ છૂટ મળી જશે.

સરકારે ઈન્ડિયન એવિએશન રૂલ્સ ૨૦૨૬નું નોટિફિકેશન જાહેર કરીને સ્પષ્ટતા કરી છે કે આ નવી એરફેર પોલિસી ૧ જાન્યુઆરી ૨૦૨૬થી દેશભરમાં લાગુ કરવામાં આવશે. આ નિયમ અમલમાં આવ્યા બાદ એરલાઈન્સ કંપનીઓ પર સરકાર તરફથી ભાડું વધારવા પર કોઈ નિયંત્રણ કે મર્યાદા રહેશે નહીં. જોકે, કોઈ અસાધારણ કે વિશેષ પરિસ્થિતિ ઊભી થશે તો પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને સરકાર હસ્તક્ષેપ કરી શકશે.

નવા નિયમ હેઠળ એરલાઈન્સ કંપનીઓને ભાડું નક્કી કરવાની છૂટ મળશે, પરંતુ તેની સાથે પારદર્શિતા જાળવવાની કડક સૂચના આપવામાં આવી છે: એરલાઈન્સે પોતાના ઓપરેશનલ ખર્ચ મુજબ ભાડું નક્કી કરવું પડશે અને તેની સંપૂર્ણ વિગતો ફ્લાઇટ્સને આપવી પડશે. ગ્રાહકો માટે પારદર્શિતા જળવાઈ રહે તે હેતુથી કંપનીઓએ પોતાની સત્તાવાર વેબસાઇટ પર પણ ભાડાંનું માળખું અપલોડ કરવું પડશે., કંપનીઓએ મુસાફરો સમક્ષ ટિકિટ ભાડાંનો સ્પષ્ટ બ્રેકઅપ રજૂ કરવો પડશે.

જેમાં બેઝ ફેર, વિવિધ ટેક્સ, અન્ય ફી, કેન્સલેશન ચાર્જ અને રિફંડની તમામ માહિતી વિગતવાર દર્શાવવી ફરજિયાત રહેશે. એક તરફ ભાડાં નક્કી કરવાની છૂટ મળી રહી છે, તો બીજી તરફ એરલાઈન્સ કંપનીઓના સંચાલન ખર્ચમાં પણ મોટો વધારો થઈ રહ્યો છે. વિમાન ઈંધણના ભાવમાં સતત આ ચોથા મહિને વધારો ઝીંકાયો છે. આ અગાઉ ૧ ઓક્ટોબરે એટીએફમાં પ્રતિ લિટર રૂ.૧૬નો મોટો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે સપ્ટેમ્બરમાં?૬.૨૮ અને ઓગસ્ટમાં ૫ પ્રતિ લિટરનો વધારો થયો હતો.



સતત ચોથા મહિને જીએસટીની આવક રૂ. બે લાખ કરોડથી વધુ

ઓક્ટોબરમાં કુલ જીએસટી કલેક્શન. ૨.૩૧ લાખ કરોડ થયું: નાણામંત્રી

નવી દિલ્હી,

તહેવારોની મોસમમાં સરકારના ખજાનામાં પણ ધન વર્ષા થઈ રહી છે. ઓક્ટોબર મહિનામાં સરકારની તિજોરી છલકાઈ છે. સરકારને જીએસટી કલેક્શન સ્વરૂપે કુલ રૂ. ૨.૩૧ લાખ કરોડની આવક થઈ છે, જે વાર્ષિક ધોરણે જીએસટી કલેક્શનમાં લગભગ ૨૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે, જે છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલો સૌથી ઝડપી વૃદ્ધિદર છે. સરકારને સતત ચોથા મહિને જીએસટી કલેક્શન લગભગ રૂ. ૨ લાખ કરોડથી વધુ રહ્યું છે.એટલું જ નહીં ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૬ પછી ઓક્ટોબરમાં બીજું સૌથી વધુ રૂ. ૨.૩૧ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું છે. વધુમાં સાત મહિનામાં સરકારને કુલ રૂ. ૧૪.૭૮ લાખ કરોડની આવક થઈ છે. નાણામંત્રાલયે જણાવ્યું કે, ઓક્ટોબર ૨૦૨૬માં કુલ જીએસટી કલેક્શન રૂ. ૨.૩૧ લાખ કરોડ થયું હતું. ઓક્ટોબરમાં જીએસટી સંગ્રહ વધવાનું સૌથી મોટું કારણ તહેવારોની મોસમમાં બજારની વધતી માગ રહી છે.

બિહારમાં ચૂંટણી જીત્યા બાદ જ પક્ષપલટો? બે અપક્ષ MLC ભાજપમાં જોડાતાં વિપક્ષ લાલઘૂમ

બંશીધર બ્રજવાસી અને રાહુલ રાજે ભાજપનું સભ્યપદ સ્વીકાર્યું

પટણા,

બિહાર વિધાન પરિષદની ચૂંટણી જીત્યાના થોડા જ દિવસો બાદ, અપક્ષ MLC બંશીધર બ્રજવાસી અને રાહુલ રાજે શનિવારે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ જવાની જાહેરાત કરી હતી. આ ઘટનાક્રમ બાદ બિહારનું રાજકારણ ગરમાયું છે અને વિપક્ષી પક્ષોએ ભાજપ પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે.

બિહારમાં વિધાન પરિષદની ચૂંટણીના પરિણામો પછી મોટો રાજકીય વિવાદ પેદા થયો છે. શનિવારે તિરુહત સ્નાતક બેઠક જીતનાર બંશીધર બ્રજવાસી અને સારણ શિક્ષક બેઠક જીતનાર રાહુલ રાજે, જેઓ અપક્ષ ઉમેદવાર તરીકે જીત્યા હતા—તેઓએ ભાજપ કાર્યાલયમાં જઈને પાર્ટીની સદસ્યતા સ્વીકારી લીધી હતી. આ બંને નેતાઓએ ભાજપની સદસ્યતાની પર્ચીઓ હાથમાં પકડીને ફોટા પણ પડાવ્યા હતા, જેના કારણે બિહારનું રાજકારણ ગરમાઈ ગયું છે.

વિપક્ષી દળોએ આ પગલાને બંધારણની ૧૦મી અનુસૂચિ એટલે કે પક્ષપલટા વિરોધી કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. નિયમ મુજબ, કોઈપણ અપક્ષ MLC ચૂંટણી જીત્યા બાદ કોઈ રાજકીય પક્ષમાં સામેલ થઈ શકે નહીં અને જો તેવું થાય તો તેની સદસ્યતા રદ થઈ શકે છે. આ જ નિયમનો હવાલો આપીને ઈન્ડ્ઢ અને જન સુરાજ પાર્ટીએ કાનૂની લડાઈ લડવા અને કોર્ટમાં જવાની ચેતવણી આપી છે.

પાટણ અને આસપાસના વિસ્તારના કેન્સરના દર્દીઓને ઘરઆંગણે જ ઉત્તમ સારવાર મળશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે જીવન જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ,પાટણ સંચાલિત પી.બી. પાટણ જનતા કેન્સર હોસ્પિટલનો શુભારંભ

પાટણ,

પાટણ ખાતે અદ્યતન 'જનતા કેન્સર હોસ્પિટલ'ના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત રહીને હોસ્પિટલના નિર્માણમાં યોગદાન આપનાર દાતાઓ અને ટ્રસ્ટીશ્રીઓની સેવાભાવનાને બિરદાવી હતી.



આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,પાટણ ઉત્તર ગુજરાતમાં આરોગ્ય સારવારનું એક મોટું સેન્ટર છે. અત્યાર સુધી અહીં કેન્સરની વિશિષ્ટ સારવાર સુવિધાનો અભાવ હતો, જે આ હોસ્પિટલના પ્રારંભથી દૂર થયો છે. હવે પાટણ અને આસપાસના વિસ્તારના નાગરિકોને કેન્સરની ઉત્તમ સારવાર ઘરઆંગણે જ મળી રહેશે. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં બદલાતી જીવનશૈલી અને તેનાથી થતા રોગો પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વડીલોની કહેવત "ચાદર હોય એટલા પગ લંબાવવા" નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આજના ભૌતિકતાવાદી યુગમાં માનસિક તણાવ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા રોગો વધી રહ્યા છે. તેના કારણે લોકોમાં વ્યસન અને તંબાકુનું પ્રમાણ પણ વધે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં 'નશા મુક્ત ભારત' અને હોલિસ્ટિક હેલ્થકેરનો જે વિચાર આપ્યો છે, તેને અપનાવીને આપણે સંતુલિત જીવનશૈલી, દૈનિક યોગ અને આહાર-વિહાર સુધારીને રોગોથી દૂર રહેવું જોઈએ

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના કરોડો લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ઐતિહાસિક કાર્ય થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓમાં ગરીબ, સામાન્ય અને વંચિત માનવીને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે, જેથી દરેક વર્ગને આરોગ્ય અને સામાજિક સુરક્ષા મળી રહે.

આરોગ્યની સાથે પર્યાવરણ અને ફુદરતી સંસાધનોના જતનની જરૂરિયાત દર્શાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,સ્વચ્છતા ને આપણા સ્વભાવ અને દૈનિક જીવનનો ભાગ બનાવવી પડશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણ જિલ્લાના શંખેશ્વર જૈન મહાતીર્થમાં ભગવાન પાર્શ્વનાથ દાદાના આશીર્વાદ લીધા

સુપ્રસિદ્ધ શંખેશ્વર તીર્થધામમાં મુખ્યમંત્રીની આસ્થાભરી મુલાકાતઃ રાજ્યની જનતાની સુખાકારી માટે કરી પ્રાર્થના

પાટણ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણ જિલ્લામાં સ્થિત વિશ્વવિખ્યાત અને પરમ પવિત્ર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મહાતીર્થની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ભગવાન પાર્શ્વનાથ દાદાના ચરણોમાં શીશ ઝુકાવી અત્યંત શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીએ શંખેશ્વર મહાતીર્થમાં ભગવાન પાર્શ્વનાથ દાદાની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા અને અર્ચના કરી હતી. તેમણે આ અવસરે દાદાના ચરણોમાં વંદન કરી સમગ્ર ગુજરાતની જનતાની સુખાકારી, સમૃદ્ધિ અને કલ્યાણ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

આ ધાર્મિક મુલાકાત સમયે મુખ્યમંત્રીએ તીર્થની પવિત્રતા અને તેના આધ્યાત્મિક મહત્વ



વિશે પણ આદરભાવ વ્યક્ત કર્યો હતો. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીનું તીર્થધામના ટ્રસ્ટીશ્રીઓ, આગેવાનો તેમજ સ્થાનિકો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજા-અર્ચના બાદ તેમણે તીર્થ પરિસરની મુલાકાત લઈ ઉપસ્થિત શ્રદ્ધાળુઓ સાથે પણ સૌજન્ય મુલાકાત યોજી હતી.

સુરતના ખજોદમાં SMCની ડમ્પિંગ અને ડિસ્પોઝલ સાઇટ પર હોટમિક્સ કચરામાં ભીષણ આગ

સુરત,

સુરતના ખજોદ વિસ્તારમાં આવેલી જીસ્ઝની ડમ્પિંગ અને ડિસ્પોઝલ સાઇટ પર રવિવાર, ૧ નવેમ્બર ૨૦૨૬ની સવારે ફરી એકવાર ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. ડમ્પિંગ સાઇટ પર એકત્રિત કરાયેલા હોટમિક્સ કચરાના વિશાળ ઢગલામાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે કચરાના ઢગલાની આસપાસ ઊભેલા મોટા-મોટા લીલાછમ વૃક્ષો પણ લપેટાઈ ગયા હતા અને આગની જવાળાઓમાં ભસ્મીભૂત થઈ ગયા હતા.આકાશમાં કિલોમીટરો દૂર સુધી કાળા ડિબાંગ ઝેરી ધુમાડાના ગોટેગોટા ફેલાઈ જતાં સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર બ્રિગેડની ૪ જેટલી ફાયર ફાઈટર ગાડીઓ ઘટનાસ્થળે ધસી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ ડમ્પિંગ સાઇટના હોટમિક્સ કચરાના બ્લોકમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને પળવારમાં આગ આખા વિસ્તારમાં પ્રસરી ગઈ હતી.આગની ગરમી અને પવનના કારણે ડમ્પિંગ યાર્ડની સરહદ પર આવેલા મોટા વૃક્ષો પણ આગની લપેટમાં આવીને બળવા લાગ્યા હતા. આગના સામે આવેલા હવાઈ (આકાશી) દ્રશ્યોમાં ડમ્પિંગ સાઇટનો મોટો હિસ્સો સળગતો જોવા મળ્યો હતો.

દિવાળી પર્વ નિમિત્તે રાજ્યના ૧૪૩ પાત્રતા ધરાવતા કેદીઓને ૧૫ દિવસના પેરોલ મંજૂર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય

૬૦ વર્ષથી વધુ વયના ૧૦૩ પુરુષ કેદીઓ અને ૪૦ મહિલા કેદીઓ પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી શકશે

ગાંધીનગર,

રાજ્ય સરકારની કેદી કલ્યાણ પ્રવૃત્તિઓ અને જેલ સુધારણા યોજનાના ભાગરૂપે દિવાળી પર્વ નિમિત્તે કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાની તક આપવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલા પાત્રતા ધરાવતા ૧૪૩ કેદીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ૧૫ દિવસના દિવાળી પેરોલ મંજૂર કરવામાં આવ્યા છે.



રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી પ્રતિવર્ષ દિવાળીના તહેવાર નિમિત્તે કેદીઓને ૧૫ દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવે છે. આ નીતિ અન્વયે પાત્રતા ધરાવતા મહિલા કેદીઓ તેમજ ૬૦ વર્ષ કે તેથી વધુ વયના પાત્રતા ધરાવતા પુરુષ કેદીઓ પોતાના પરિવારજનો સાથે ખુશાલીથી દિવાળી ઉજવી શકે તે હેતુથી આ લાભ આપવામાં આવે છે.

આ વર્ષે રાજ્ય સરકારની મંજૂરી અન્વયે પાત્રતા ધરાવતા ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ૧૦૩ પુરુષ કેદીઓ અને ૪૦ મહિલા કેદીઓ મળી કુલ ૧૪૩ કેદીઓને ધનતેરસના દિવસથી, એટલે કે તા. ૦૬/૧૧/૨૦૨૬થી ૧૫ દિવસ માટે દિવાળી પેરોલ પર મુક્ત કરવાનો નિર્ણય કરાયો છે. જેલ ડીજીપી ડૉ. કે.એલ.એન રાવે જણાવ્યું છે કે, રાજ્ય સરકારના નિયમો અનુસાર ગંભીર ગુનાના કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાં આવતો નથી. જેમાં ખાસ કરીને હાઈકોર્ટમાં અપીલ પેન્ડિંગ હોય તેવા કેદીઓ, એન.આર.આઈ. કેદીઓ તથા અન્ય રાજ્યના વતની હોય તેવા કેદીઓ, NDPS એક્ટ, ટાડા તેમજ પોટા હેઠળ સજા ભોગવી રહેલા કેદીઓ, આતંકવાદી પ્રવૃત્તિઓ અથવા રાજ્યના અર્થતંત્રને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કેદીઓ, એક કરતાં વધુ ગુનાઓમાં સજા પામેલા કેદીઓ, બળાત્કાર, અપહરણ, લૂંટ, ધાડ, ચોરી કે નાણાં પડાવવા જેવા ગંભીર અને સમાજવિરોધી ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓ અને જેમના પર પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરવામાં આવ્યા હોય તેવા કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાં આવતો નથી.

SMC ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, કામરેજ પોલીસે શંકાસ્પદ મીઠાઈનો જથ્થો ઝડપાયો

સુરત,

આવનારા સમયમાં દિવાળીના તહેવારોમાં લોકોની હેલ્થ સાથે ચેડાં કરતા એકમો પર પોલીસ અને સુરત મનપાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કડક પગલા ભર્યા છે જેમાં શહેરના કામરેજ વિસ્તારમાં છેડછા ગામે સંયુક્ત ઓપરેશનમાં શંકાસ્પદ મીઠાઈનો મસમોટો જથ્થો મળી આવ્યો છે.

સુરત પોલીસ અને સુરત મનપાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કરેલી છેડછા ગામમાં મીઠાઈ બનાવતી એક ફેક્ટરીમાં દરોડા કરવામાં આવ્યા હતા. બાતમીના આધારે કરેલી આ કાર્યવાહીમાં શંકાસ્પદ મીઠાઈનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જેની અંદાજિત કિંમત ૩૬.૬૯ લાખ રૂપિયા જેટલી થવા જાય છે.

આ મામલે તપાસ દરમિયાન સ્થળ પરથી હલકી ગુણવત્તાવાળી અને શંકાસ્પદ રીતે બનાવવામાં આવતી વિવિધ ફ્લેવરની મીઠાઈઓ મળી આવી હતી. ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સ્થળ પરથી ગુલકંદ બરફી, સફેદ બરફી અને અંજિરી બરફી સહિતના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

સુરત મનપા.ના ફૂડ વિભાગ અને પોલીસની આ સંયુક્ત કામગીરી દરમિયાન કુલ ?૩૬.૬૯ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૨૮૨૬ કિલો ગ્રામ અલગ અલગ પ્રકારના ફ્લેવરની શંકાસ્પદ મીઠાઈ ઉપરાંત પામ ઓઈલના પેક કરેલા ૭૪ ડબ્બા અને ૧૦ લિટર છૂટક પામ ઓઈલ જપ્ત કરવામાં આવ્યું છે. સાથે જ ખાંડની ૨૦૦ જેટલી બેગ પણ સીઝ કરવામાં આવી છે.

કોટંબી પાસે શાહ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાંથી ૧.૨૦ કરોડથી વધુની કિમતના દારૂ સાથે ૪ ની ધરપકડ

વડોદરા જિલ્લા પોલીસે બુટલેગરોના ખરાબ મનસુબાઓ પર પાણી ફેરવી દીધું

વડોદરા,

નશાના કાળા કારોબાર સામે પોલીસ કેટલી સક્રિય થઈને કામગીરી કરી રહી છે તેનો વધુ એક પુરાવો વડોદરાથી સામે આવ્યો છે જેમાં, જીલ્લા પોલીસની ટીમે બુટલેગરોનાં ખરાબ મનસુબાઓ પર પાણી ફેરવી દીધું છે.

વડોદરાના કોટંબી નજીક ૧.૨૦ કરોડથી વધુની કિમતનું વિદેશી દારૂથી ભરેલું ગોડાઉન ઝડપાયું છે. શાહ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનાં સાઈનાથ એન્ટરપ્રાઈઝનાં ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યા હતા.જિલ્લા એલસીબીએ દરોડો પાડી કુખ્યાત બિશ્નોઈ ગેંગને ઝડપી પાડી હતી.



આ સમગ્ર ઘટનામાં પોલીસ દ્વારા રાજસ્થાનની કુખ્યાત બિશ્નોઈ ગેંગનાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. હરિયાણા અને મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો મંગાવી જિલ્લામાં સપ્લાય કરવાનો હતો.દારૂનું કટિંગ થાય તે પહેલાં જિલ્લા ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્રાટકી હતી. ૧.૨૪ કરોડ કિંમતનાં વિદેશી દારુની ૧૪૯૦ પેટીઓ જપ્ત કરવામાં આવી હતી.હરિયાણાનો સુમિત, જોધપુરનો સુનીલ અને મહારાષ્ટ્રનો પ્રધાનજી વોન્ટેડ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, દારૂનું વેચાણ શરૂ થાય તે પહેલાં જ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે સચોટ માહિતીના આધારે આ સફળ કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદના ગોતામાં શાયોના તિલક-૩ ફ્લેટની દીવાલ અચાનક ધરાશાયી, સદનસીબે કોઈ જાનહાનિ નથી થઈ

અમદાવાદ,

શહેરના પોષ અને હાઈફાઈ ગણાતા ગોતા વિસ્તારમાં વંદેમાતરમ રોડ પાસે પાર્ક વ્યૂ સાઈટ નજીક આવેલી શાયોના તિલક-૩ ફ્લેટની દીવાલ અચાનક ધરાશાયી થતાં આસપાસના વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો હતો. અચાનક જમીન ધસી પડવાની ઘટના બાદ ફ્લેટની દીવાલ ધરાશાયી થઈ હતી, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આ ઘટના મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગોતાના વંદેમાતરમ રોડ પાસે પાર્ક વ્યૂ સાઈટ નજીક જમીન અચાનક બેસી જવાની ઘટના બની હતી. જમીન ધસી પડવાના કારણે શાયોના તિલક-૩ ફ્લેટની દીવાલ ધરાશાયી થઈ હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. અચાનક બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ચિંતા અને ભયનો માહોલ ફેલાયો હતો. આ ઘટનાને લઈને ફ્લેટમાં રહેતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને બિલ્ડરની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. રહેવાસીઓમાં બાંધકામની ગુણવત્તા, જમીનની મજબૂતાઈ અને જરૂરી સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યા હતા કે નહીં તે મુદ્દે નારાજગી જોવા મળી રહી છે.

આ ગંભીર ઘટના મામલે રહિશોનો આક્ષેપ છે કે, આવી ઘટનાઓ રહેણાક વિસ્તારની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. જો સમયસર યોગ્ય તકેદારી રાખવામાં ન આવે તો ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય નહીં. હાલ આ ઘટનાને પગલે AMC અને બિલ્ડરની જવાબદારી અંગે ચર્ચાઓ તેજ બની છે.

ભરૂચ જિલ્લાના નેશનલ હાઈવે પર લુવારા નજીક ટેન્કરમાં અચાનક આગ લાગતા અફરાતફરી



ભરૂચ,

ભરૂચ જિલ્લાના નેશનલ હાઈવે નંબર-૪૮ પર લુવારા નજીક ટેકરમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. હાઈવે પર દોડતા ટેકરમાં આગ ભભૂકતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, ટેકરચાલકની સમયસૂચકતા અને એક કારચાલકની મદદને કારણે આગ વધુ પ્રસરતી અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.

આ મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હજીરાથી રનોલી તરફ જઈ રહેલું એક ટેકર નેશનલ હાઈવે નંબર-૪૮ પરથી પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન લુવારા નજીક પહોંચતા જ ટેકરમાં કોઈ અજાણ્યા કારણોસર અચાનક આગ લાગી હતી. ટેકરમાં આગ લાગતાં જ ચાલકે ગભરાયા વગર સમયસૂચકતા વાપરી હતી અને તાત્કાલિક ટેકરને માર્ગની સાઈડમાં ઊભું રાખી દીધું હતું. ટેકરચાલકની સતર્કતાને કારણે હાઈવે પર પસાર થતાં અન્ય વાહનોને મોટું જોખમ ઊભું થતું અટક્યું હતું. દરમિયાન ટેકરમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડો નીકળતો જોઈ ત્યાંથી પસાર થતા એક કારચાલકે પણ માનવતા દાખવી હતી. કારચાલકે પોતાનું વાહન રોકી મદદ માટે આગળ આવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા હતા.

આ ઘટનાને પગલે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ થોડા સમય માટે ભય અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ વાત એ છે કે હાઈવે પર ટ્રાફિકની વચ્ચે ટેકરમાં આગ લાગવી ગંભીર જોખમ ઊભું કરી શકે તેવી ઘટના હતી.

અમદાવાદમાં પુરુષ અને મહિલા બંને વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીતીને ભારતે કોમનવેલ્થ કબડ્ડીમાં ઐતિહાસિક ડબલ સિદ્ધિ

અમદાવાદ,

અમદાવાદમાં ૩૧ ઓક્ટોબરના રોજ આયોજિત પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતે ઈતિહાસ રચ્યો. પુરુષ અને મહિલા બંને ટીમોએ પોતપોતાની ફાઈનલમાં શાનદાર જીત મેળવીને સુવર્ણ ચંદ્રકો હાંસલ કર્યા. પુરુષ ટીમે શ્રીલંકાને ૫૪-૨૦થી હરાવ્યું, જ્યારે મહિલા ટીમે યુગાન્ડા સામે ૩૫-૧૫થી વિજય મેળવ્યો. આમ, સ્પર્ધાના નવમા દિવસે ભારતે બેવડી સફળતા મેળવીને આ દિવસને યાદગાર બનાવી દીધો.

આ બંને જીત સાથે ભારતીય ટીમોએ સમગ્ર ટુર્નામેન્ટમાં અજેય રહીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું. તેમણે પોતાની સ્પર્ધાઓમાં પ્રભુત્વ જમાવ્યું અને એક પણ મેચ હાર્યા વિના ચેમ્પિયનશિપ પૂરી કરી.



પુરુષોની ફાઈનલમાં, આદિત્ય શિંદેએ ભારતની આક્રમક રમતનું નેતૃત્વ કર્યું. તેણે ૧૪ પ્રયાસોમાં ૧૦ રેઈડ પોઈન્ટ્સ મેળવીને 'સુપર ૧૦' હાંસલ કર્યું. ભરત હુડ્ડાએ આઠ પોઈન્ટ્સનું યોગદાન આપ્યું (જે તેણે હાફ-ટાઈમ પછી મેળવ્યા હતા), જ્યારે પંકજ મોહિતે અને વાઈસ-કેપ્ટન નવીન કુમારે અનુક્રમે છ અને પાંચ પોઈન્ટ્સ મેળવ્યા.

ભારતની ડિફેન્સિવ (રક્ષણાત્મક) લાઈન પણ એટલી જ પ્રભાવશાળી રહી. યોગેશ દહિયાએ પ્રથમ હાફમાં જ પાંચ સફળ ટેકલ કરીને 'હાઈ ૫' (High 5) પૂર્ણ કર્યું. યજમાન ભારતીય ટીમે પ્રતિસ્પર્ધી ટીમને ચાર વખત 'ઓલ-આઉટ' કરી, જ્યારે પોતે એક પણ વખત 'ઓલ-આઉટ' થઈ નહીં.

શ્રીલંકાની ટીમ ભારતની મજબૂત રક્ષણાત્મક રમત સામે લાચાર જણાઈ અને માત્ર ૧૧ રેઈડ પોઈન્ટ્સ જ મેળવી શકી. મધુવાન્થાએ છ ટેકલ પોઈન્ટ્સ મેળવ્યા, પરંતુ શ્રીલંકાની ટીમ ભારતને હાફ-ટાઈમ સુધીમાં ૩૦-૧૦ની સરસાઈ મેળવતા રોકી શકી નહીં. અંતે, ભારતીય ટીમે ૩૪ પોઈન્ટ્સના મોટા અંતરથી મેચ જીતી લીધી.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદમાં ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઑન સાયકલમાં૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો

અમદવાદ,

ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI), પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને સ્ટ્રૂ મ્રટ્ઠટ્ઠિંના સહયોગથી ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૭મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ રાષ્ટ્રીય એકતા, શારીરિક તંદુરસ્તી, શિસ્ત અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની વિવિધ ટ્રઝ્રઝ્ર બટાલિયનો અને એકમોના કેડેટ્સ તથા જવાનો, સાઇકલિંગના શોખીનો અને નાગરિકો સામેલ થયા હતા. આ પહેલ દ્વારા સક્રિય જીવનશૈલી અપનાવવા, સામૂહિક સહભાગિતાને પ્રોત્સાહન આપવા અને સ્વસ્થ તથા સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં દરેક નાગરિકની જવાબદારીને ઉજાગર કરવામાં આવી હતી.

આ પ્રસંગે સુશ્રી સાહિલા સૈન્સન, સહાયક નિયામક, SAI પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ૩૭ ગુજરાત બટાલિયન NCC, ૧ ગુજરાત આર્ટિલરી બેટરી NCC, ૯ ગુજરાત બટાલિયન NCC, ૨ CTC, ૧ નેવલ NCC, ૨ એર સ્ક્વોડ્રન NCC, ૧ ગુજરાત ગર્લ્સ બટાલિયન NCC, ૧ ગુજરાત બોયઝ બટાલિયન NCC, ૨ ગુજરાત કંપની ગાંધીનગર તથા ૨ ઈન્ડિપેન્ડન્ટ NCC ગાંધીનગરના કેડેટ્સ અને જવાનોએ સક્રિય ભાગ લીધો હતો. તેમની સહભાગિતાએ દેશભક્તિ, શિસ્ત, ટીમવર્ક અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ NCC એકમોના અધિકારીઓ અને જવાનોને તેમની સક્રિય ભાગીદારી અને યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત થનારાઓમાં ૩૭ ગુજરાત બટાલિયન ટ્રઝ્રઝ્ર ના સુબેદાર ઈન્દ્રજીત; ૧ ગુજરાત NCC આર્ટિલરીના નાયબ સુબેદાર અશોક ચવ્હાણ અને સુબેદાર કુલદીપ; ૧ ગુજરાત ગર્લ્સ બટાલિયન ટ્રઝ્રઝ્ર ના સુબેદાર મોટુપ, હવાલદાર રઘુભાઈ અને નાયક રંજનેશ કુમાર; ૯ ગુજરાત બટાલિયન ટ્રઝ્રઝ્ર ના હવાલદાર બિરેન્દ્ર સિંહ; ૧ નેવલ ટ્રઝ્રઝ્ર ના શિશુપાલ સિંહ; ૧ ગુજરાત ઝ્રઝ્ર ના એમ. બી. રાવ; ૧ ગુજરાત બટાલિયન NCCના હવાલદાર મોહન સિંહ અને હવાલદાર અકરમ; તેમજ ૨ ઈન્ડિપેન્ડન્ટ ટ્રઝ્રઝ્ર ગાંધીનગરના હવાલદાર જયેશ કુમાર, નિકિતા (GCA) અને હવાલદાર વિપુલનો સમાવેશ થાય છે.

ભાવનગરમાં પ્રથમવાર ગજરાજની અંબાડી પર સન્મતિતર્ક પ્રકરણની નીકળી ભવ્ય શોભાયાત્રા

ગચ્છનાયક આચાર્ય વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં શોભાયાત્રા બાદ જૈન ગ્રંથનું વિમોચન અને વધામણા કરાયા





ભાવનગર,તા.૨

ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છના ઉપક્રમે તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ કૃષ્ણનગર જૈન ઉપાશ્રયથી પ્રથમવાર ગજરાજની અંબાડી ઉપર ઉત્સાહભર્યા વાતાવરણમાં પૂરા માન-સન્માન સાથે 'સન્મતિતર્ક પ્રકરણ'ની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી.

ભાવનગરમાં બિરાજમાન પૂજ્ય ગચ્છનાયક આચાર્ય વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તથા અન્ય સાધુ ભગવંતોની પાવન નિશ્રામાં નીકળેલી આ શોભાયાત્રામાં ભાવનગર જૈન સંઘના પ્રમુખ જયુ કાકા, મંત્રી સંજયભાઈ ઠાર તેમજ જૈન શ્રેષ્ઠીઓ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. શોભાયાત્રા બાદ કૃષ્ણનગર જૈન ઉપાશ્રય ખાતે સંઘના હોદ્દેદારો, અમદાવાદથી પધારેલ વિદ્વાન પંડિત જીતુભાઈ, ભાવનગરના સંસ્કૃતના વિદ્વાન ચુડાસમા , ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ તથા મુંબઈથી ખાસ પધારેલ હરેશભાઈ વગેરે મહાનુભાવોની સન્માનજનક ઉપસ્થિતિમાં આ પવિત્ર ગ્રંથનું વિમોચન તેમજ વધામણાં કરવામાં આવ્યા હતા.

ભાવનગર બસ સ્ટેશન ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન

દર મહિને એસટી ડેપોમાં થશે સફાઈ ઝુંબેશ

વિભાગીય નિયામક પિલવાઈકરના માર્ગદર્શન હેઠળ અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મચારીઓએ શ્રમદાન કરી સફાઈ હાથ ધરી

ભાવનગર,તા..૨

ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા અને લોકાભિમુખતા વધારવાના આશયથી ભાવનગર મુખ્ય બસ સ્ટેશન ખાતે "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગીય નિયામક આર.ડી. પિલવાઈકરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ અભિયાનમાં પરિસર, પ્લેટફોર્મ અને પ્રતીક્ષા ખંડોની સફાઈ કરવામાં આવી હતી. આ ઝુંબેશ હવેથી દર મહિનાના પ્રથમ રવિવારે નિયમિતપણે યોજાશે. આ પ્રસંગે નગરસેવક ઉમાબા રાણા, ધમભા સરવૈયા, ભવદીપસિંહ રાણા, ડેપો મેનેજર હેમંતભાઈ પટેલ સહિત અધિકારીઓ અને સફાઈ કામદારોએ ઉત્સાહભેર શ્રમદાન આપ્યું હતું. અધિકારીઓએ "તમારું એસ.ટી. બસ સ્ટેશન, તમારું પોતાનું ઘર" નો સંદેશ આપતાં જણાવ્યું હતું કે બસ સ્ટેશનને સ્વચ્છ રાખવું એ સૌની નૈતિક ફરજ છે. એસ.ટી. નિગમે પર્યાવરણ



જાળવણી અને આર્થિક બચત માટે ખાનગી વાહનોને બદલે સલામત એસ.ટી. બસમાં મુસાફરી કરવા તથા કચરાપેટીનો ઉપયોગ કરી સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા નાગરિકોને હાર્દિક અપીલ કરી છે.

ફુલસરમાં પેરોલ ફર્લો સ્કવોડનો દરોડોઃ રૂ. ૨.૫૪ લાખના મુદ્દામાલ સાથે વિદેશી દારૂનો જથ્થો ઝબ્બે

આવાસ યોજનાની દુકાનમાંથી ૭૮૭ બોટલ દારૂ જપ્ત, એક આરોપીની ધરપકડ

ભાવનગર,તા.૨

ભાવનગર શહેરમાં દારૂબંધીના કડક અમલ માટે સતર્ક બનેલી પેરોલ ફર્લો સ્કવોડે ફુલસર વિસ્તારમાં આવેલા ૨૫ વારીયા પ્રધાનમંત્રી આવાસ યોજના પરિસરમાં આવેલી એક દુકાનમાં દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સ્થળ પરથી બિજરાજસિંહ ઉર્ફે ભોલુ મહેન્દ્રસિંહ ઝાલાની અટકાયત કરી હતી. દુકાનમાં હાથ ધરાયેલા સઘન સર્ચ ઓપરેશન દરમિયાન વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૭૮૭ બોટલો કિંમત ૧,૯૯,૬૮૫ તથા ગુનામાં વપરાયેલ સ્કૂટર અને મોબાઈલ મળી કુલ રૂ. ૨,૫૪,૬૮૫નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે આ જથ્થો અમીન મહેબૂબભાઈ ભટ્ટીનો છે અને તે અમીનની સૂચના મુજબ ડિલિવરી આપવાનું કામ



કરતો હતો. આ કબૂલાતના આધારે પોલીસે બંને આરોપીઓ સામે બોરતળાવ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટિમ સુર્યકિરણે સાધ્યો 'શૌર્ય સંવાદ'

એર -શો સુર્યકિરણ ટીમના સ્કવોડ્રન લીડર વી. વિક્રમ અને શરદ ગોયલે એનસીસી કેડેટ્સ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી સશસ્ત્ર દળોમાં કારકિર્દીની તકો અંગે આપ્યું પ્રેરણાદાયી માર્ગદર્શન

ભાવનગર,તા.૨

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'શૌર્ય સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભારતીય વાયુસેનાની સુર્યકિરણ ટીમના સ્કવોડ્રન લીડર વી. વિક્રમ અને શરદ ગોયલે એનસીસી કેડેટ્સ તેમજ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

મંત્રી નિમુબેન બાંભણીયાએ પ્રથમ વખત યોજાયેલા સૂર્યકિરણ એર શો અંગે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે ભાવનગરના ઈતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને







વાયુસેનાના જવાનોનો આભાર માનતા તેમણે સફળ આયોજન બદલ વહીવટી તંત્રની સરાહના કરી હતી.

સંવાદ દરમિયાન સૂર્યકિરણ ટીમના અધિકારીઓએ અગ્નિવીર, એનડીએ (NDA) અને ગ્રેજ્યુએશન બાદ વાયુસેનામાં જોડાવાની પ્રક્રિયા, તાલીમ તથા મહિલાઓ માટે ઉપલબ્ધ તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ ૧,૫૦૦ કલાકથી વધુ ઉડાન અનુભવ ધરાવતા સ્કવોડ્રન લીડર વી. વિક્રમે રાફેલ અને સુખોઈ જેવા વિમાનો ઉડાવવાના અનુભવો શેર કર્યા હતા. વિદ્યાર્થીઓએ વિમાનચાલન, સુરક્ષા અને ગરુડ કમાન્ડો અંગે પૂછેલા પ્રશ્નોના જવાબો મેળવ્યા હતા. આ પ્રસંગે મેયર ઉષાબેન તલરેજા, કુલપતિ ભરતભાઈ રામાનુજ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

રેડક્રોસ બ્લડ બેન્કમાં રક્તની ભારે અછતઃ સ્વૈચ્છિક રક્તદાન કરવા હૃદયસ્પર્શી અપીલ

ભાવનગર,તા.૨

તહેવારોની રજાઓ અને જાહેર કાર્યક્રમોના કારણે ભાવનગરના દીવાનપરા રોડ પર બાર્ટન લાઈબ્રેરી સામે કાર્યરત રેડક્રોસ બ્લડ સેન્ટરમાં હાલ તમામ બ્લડ ગ્રુપના રક્તની ભારે અછત સર્જાઈ છે. ખાસ કરીને સગર્ભા બહેનો, ઓપરેશનના દર્દીઓ, થેલેસેમિયા મેજર ધરાવતા ૧૦૦થી વધુ બાળકો, બ્લડ કેન્સર, હિમોફિલિયા અને કિડની ફેલ્યોરના દર્દીઓને સતત રક્તની જરૂરિયાત રહે છે. રેડક્રોસ દ્વારા દર્દીઓ પાસે સામેથી રક્ત જમા લીધા વિના જ સ્વૈચ્છિક રક્તદાનના આધારે સેવા પૂરી પાડવામાં આવે છે. આગામી દિવાળીની રજાઓમાં દર્દીઓની અવિરત સારવાર જળવાઈ રહે તે માટે રેડક્રોસ સોસાયટીએ નાગરિકોને રક્તદાન કરવા અપીલ કરી છે. વધુમાં, શહેરી વિસ્તારમાં જો પ કે તેથી વધુ રક્તદાતાઓ એકત્ર થાય તો ૯૪૨૯૪૦૬૨૦૨, ૯૫૩૭૯૫૨૯૨૯ કે ૯૮૨૬૫૫૬૬૬૪૨ પર સંપર્ક કરવાથી રેડક્રોસની ટીમ સ્થળ પર આવીને રક્ત સ્વીકારશે. માનવ જિંદગી બચાવવાના આ મહાયજ્ઞમાં સહભાગી થવા રેડક્રોસ પરિવાર તરફથી ભાવનગરવાસીઓને ખાસ અનુરોધ કરાયો છે.

તહેવારોની રજાઓમાં સગર્ભાઓ, થેલેસેમિયા પીડિત બાળકો અને કેન્સરના દર્દીઓ માટે રક્તની ઈમરજન્સી

ભાવનગર રેલ મંડળમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' અંતર્ગત યોજાઈ ગઈ મેરેથોન

મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્માની અધ્યક્ષતામાં અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા જાળવી રાખવાના લીધા શપથ

ભાવનગર,તા.૨

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે લૌહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો હતો. મંડળ રેલવે પ્રબંધક કચેરી પરિસરમાં યોજાયેલા શપથ ગ્રહણ સમારોહની અધ્યક્ષતા પ્રબંધક દિનેશ વર્માએ કરી હતી, જેમાં અપર પ્રબંધક ઋત્વિક શર્માની ઉપસ્થિતિમાં સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવવા શપથ લીધા હતા. આ પ્રસંગે અધિકારીઓ, કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળના જવાનો તેમજ સ્કાઉટ અને ગાઈડની સહભાગિતા સાથે 'Run fro Unity' એકતા દોડનું આયોજન કરાયું હતું, જેને લીલી ઝંડી આપી પ્રારંભ કરાવાયો હતો. વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ



જણાવ્યું કે આ ઉજવણીનો હેતુ સરદાર પટેલના આદર્શોનું સ્મરણ કરવાનો છે. વરિષ્ઠ કાર્મિક અધિકારી હુબલાલ જગનના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમથી ભાવનગર મંડળે સંગઠિત ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સમાધાનના બહાને બોલાવી ત્રણ શખ્સોએ યુવકની ઘાતકી હત્યા કરી

ભાવનગર,તા.૨

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના ભંડારીયા ગામે જૂની અદાવતનો ખાર રાખી સમાધાન કરવાના બહાને વાડીએ બોલાવી એક યુવકની ઘાતકી હત્યા નિપજાવ્યાની ઘટના સામે આવી છે. ત્રણ શખ્સોએ ધારીયું, છરી અને પાઈપ વડે યુવક પર જીવલેણ હુમલો કરતાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે જેસર પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાયો છે.

આ બનાવ અંગે મળતી ફરિયાદ મુજબ, ભંડારીયા ગામના શક્તિરાજભાઈ જેતુભાઈ કામળીયા (ઉ.વ.૨૨) મહુવાની IDFC બેંકમાં નોકરી કરે છે. ગત તા. ૧ નવેમ્બરના રોજ બપોરે તેઓ પોતાના કુટુંબી ભાઈ અનકભાઈ દાદભાઈ કામળીયા સાથે મોટરસાઈકલ પર અનકભાઈની ડુંગરવાળી વાડીએ જઈ રહ્યા હતા. દરમિયાન રસ્તામાં કનુભાઈ દોલુભાઈ દેસાઈ અને ભયલુભાઈ ભાણભાઈ દેસાઈ મળ્યા હતા. અગાઉની માથાકૂટનું સમાધાન કરવાનું કહી બંનેને પોતાની વાડીએ લઈ ગયા હતા. ત્યાં રાજુભાઈ દોલુભાઈ દેસાઈ પણ હાજર હતા.

વાડીમાં પહોંચ્યા બાદ જૂની અદાવતનો બદલો લેવાની વાત કરી ત્રણેય શખ્સોએ ધારીયું, છરી અને પાઈપ વડે અનકભાઈ પર હુમલો કર્યો હતો. રાજુભાઈએ તેમને પકડી રાખ્યા હતા, જ્યારે ભયલુભાઈએ છરી અને કનુભાઈએ ધારીયાથી ઘા ઝીક્યા હતા. માથા અને કપાળમાં ગંભીર ઈજાઓ થતાં અનકભાઈ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા. બચાવવા વચ્ચે પડેલા શક્તિરાજભાઈને પણ હુમલાખોરોએ મારવા દોડ્યા હતા.ત્યારબાદ અનકભાઈને પાલીતાણા સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જૂની અદાવત અને અગાઉની પોલીસ ફરિયાદના મનદુઃખમાં આ હત્યા થયાની ફરિયાદ નોંધાવતા જેસર પોલીસે ત્રણ શખ્સોએ BNSની કલમ ૧૦૩(૧), ૫૪ તથા જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ત્રણ શખ્સો સામે જેસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ

મુંબઈ, સુરત, વડોદરા અને વિદેશથી આવેલા મિત્રોએ જૂની યાદો વાગોળી, નિવૃત્ત શિક્ષકે વર્ગખંડમાં હાજરી પૂરી ક્લાસ લીધો

સનાતન ધર્મ વિવિધલક્ષી હાઈસ્કૂલ ખાતે મિત્રતાની સુવર્ણજયંતીની અદભુત ઉજવણીઃ ૧૯૭૬ના સહપાઠીઓએ પૂર્ણ કર્યા પચાસ વર્ષ

ભાવનગર,તા.૨

ભાવનગર શહેરની ગૌરવવંતી શાળા સનાતન ધર્મ વિવિધલક્ષી હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં એક અત્યંત વિશિષ્ટ અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાઈ ગયો. વર્ષ ૧૯૭૬માં ધોરણ-૮ના ટેકનિકલ ક્લાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સહપાઠી તરીકે મળ્યા હતા અને ત્યાંથી શરૂ થયેલી ગાઢ મિત્રતા આજે અડધી સદી એટલે કે ૫૦ વર્ષ પૂરા કરી ચૂકી છે. આ મિત્રતાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં તમામ મિત્રોએ "મિત્રતાની સુવર્ણજયંતી" ઉજવવાનું ભવ્ય આયોજન કર્યું હતું.

આ અવસરે માત્ર ભાવનગર જ નહીં, પરંતુ મુંબઈ, સુરત, વડોદરા તેમજ વિદેશમાં સ્થાયી થયેલા મિત્રો પણ અતિઉત્સાહ સાથે જોડાયા હતા. મિત્રોએ શાળા મેનેજમેન્ટનો સંપર્ક કરતા ટ્રસ્ટી મનોજભાઈ ઠક્કર, અશોકભાઈ પઢારિયા તથા આચાર્ય પી.ડી. ગોહિલે આ ઉમદા વિચારને હર્ષભેર વધાવી લઈ શાળા તરફથી પૂર્ણ સહયોગ પૂરો પાડ્યો હતો.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ એ રહ્યું કે અંદાજે ૬૨-૬૩ વર્ષની





વય ધરાવતા આ તમામ મિત્રો પોતાના પરિવારો સાથે શાળાના પ્રાંગણમાં એકઠા થયા હતા. આ અવસરે શાળાના નિવૃત્ત શિક્ષક આઈ.એસ. વાઘેલાએ રીતસર વર્ગખંડમાં જઈને વિદ્યાર્થીઓની હાજરી પૂરી હતી, પ્રાર્થના કરાવી હતી અને તમામનો ક્લાસ લીધો હતો, જેણે સૌને જૂના દિવસોની યાદ તાજી કરાવી દીધી હતી. કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટીઓ, નિવૃત્ત શિક્ષક વાઘેલા, સરકારી ટેકનિકલ હાઈસ્કૂલના નિવૃત્ત ઈન્સ્ટ્રક્ટર રાઠોડ અને કણઝારાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

ઉપસ્થિત વડીલોના હસ્તે આશીર્વાદ મેળવી સૌએ ૫૦ વર્ષ જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. આ સાથે જ, આ દીર્ઘ સમયગાળામાં દિવંગત થયેલા ટ્રસ્ટીઓ, ગુરુજનો અને વ્હાલા મિત્રોને બે મિનિટનું મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સામાન્ય રીતે શાળા-કૉલેજના રિયુનિયન થતા હોય છે, પરંતુ એક જ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા મિત્રતાના ૫૦ વર્ષ પૂરા થવા પર 'ગોલ્ડન જ્યુબિલી' ઉજવાઈ હોય તેવો આ કદાચ એકમાત્ર અને અદ્વિતીય કિસ્સો છે.

આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે તેમાંથી ૧૪ મિત્રો તો છેલ્લાં ૫૦ વર્ષથી અવિરતપણે સતત સંપર્કમાં જોડાયેલા રહ્યા છે.

અંતે આનંદકિલ્લોલ અને ભોજન સમારંભ સાથે આ યાદગાર કાર્યક્રમ સંપન્ન થયો હતો, જેને સફળ બનાવવામાં પરેશ શાહ, અજિતસિંહ જાડેજા, મહેશ કાકડિયા, ભરત પટેલ અને ભરત ભડિયાદ્રા સહિતના મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

અમેરિકામાં પરંપરાગત રાજકારણનો અંત : નવા મતદાર વર્ગનો ઉદય

અમેરિકાની આગામી મધ્યસત્ર ચૂંટણી (Midterm Elections) નો રાજકીય માહોલ અત્યંત રસપ્રદ અને જટિલ બની રહ્યો છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણીમાં પોતાની પાર્ટીના મજબૂત ગઢ (Bastions) ગણાતા વિસ્તારોમાં ઝંપલાવી રહ્યા છે. આ પ્રચાર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય પોતાના મૂળભૂત મતદારોને (Base Voters) એકજૂટ કરવાનો છે. જો કે, આ ચૂંટણી પાસાનું સૌથી મહત્ત્વનું અને નિર્ણાયક પાસું જો કોઈ હોય, તો તે લેટિનો (હિસ્પેનિક) અને એશિયાઈ મતદારોનું ઝડપથી બદલાતું વલણ છે. આ બે સમુદાયોએ હવે એવી સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે કે તેઓ કેટલીય ચૂંટણી સ્પર્ધાઓમાં સીધી રીતે વિજેતા અને પરાજિતને નિર્ધારિત કરી શકે છે. ટ્રમ્પ પ્રત્યે દેખાઈ રહેલી વધતી જતી નારાજગી પણ તેમની પાર્ટી માટે એક મોટો પડકાર બની શકે છે.આજના સમયમાં અમેરિકન રાજનીતિમાં રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓ વચ્ચે અભૂતપૂર્વ અને ઊંડું ધ્રુવીકરણ (Polarization) જોવા મળી રહ્યું છે. અમેરિકી સમાજ મુખ્યત્વે નસ્લ, શિક્ષણના સ્તર અને ભૌગોલિક આધારે વહેંચાયેલો છે. આ પરિસ્થિતિમાં, રાજકીય પાર્ટીઓએ તેમની વ્યૂહરચના બદલી નાખી છે. તેઓ હવે વિરોધી પક્ષના મતદારોને (Opposition Voters) પોતાના તરફ આકર્ષિત કરવાના બદલે, પોતાના જ સમર્થકોને લામબંધ રાખવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. વિવિધ સર્વેક્ષણો દર્શાવે છે કે, લગભગ ૭૦ ટકા રિપબ્લિકન મતદારો ડેમોક્રેટ્સ પ્રત્યે શત્રુતાપૂર્ણ વલણ ધરાવે છે. આ જ રીતે, ૮૦ ટકાથી વધુ ડેમોક્રેટિક મતદારો પણ રિપબ્લિકન પ્રત્યે એવું જ કટુ વલણ ધરાવે છે. આ પ્રકારના વૈચારિક ધ્રુવીકરણ વચ્ચે, લેટિનો અને એશિયાઈ મતદારો એક એવો વર્ગ છે જે આ પરંપરાગત ધ્રુવીકરણને પડકાર આપી શકે છે.લેટિનો અને એશિયાઈ સમુદાયની વસ્તી અમેરિકામાં ઝડપથી વધી રહી છે. અન્ય પરંપરાગત વસ્તી વર્ગોની સરખામણીએ તેમની રાજકીય જાગૃતિ અને ભાગીદારીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ સમુદાયો અગાઉ મોટાભાગે ડેમોક્રેટિક પાર્ટી તરફ વળેલા દેખાતા હતા, પરંતુ તાજેતરના વર્ષોમાં તેમના વલણમાં એક મોટો પરિવર્તન આવ્યો છે. આર્થિક મુદ્દાઓ, રોજગારીની તકો અને સ્થળાંતરણ (Immigration) ની નીતિઓએ તેમના મતદાનના સ્વરૂપને બદલી નાખ્યું છે.ટ્રમ્પના નેતૃત્વમાં રિપબ્લિકન પાર્ટીએ લેટિનો મતદારોમાં ચોક્કસ પ્રમાણમાં પ્રવેશ મેળવ્યો હતો, ખાસ કરીને યુવાન પુરુષ લેટિનો મતદારોમાં. જો કે, હાલની રાજકીય પરિસ્થિતિ અને વિવિધ વિવાદોને કારણે ટ્રમ્પ પ્રત્યે આ સમુદાયમાં નારાજગી પણ વધી રહી છે. આ નારાજગીનું કારણ ફક્ત ટ્રમ્પના નિવેદનો નથી, પરંતુ સ્થળાંતરણ નીતિઓ, આર્થિક અસમાનતા અને સામાજિક ન્યાય જેવા મુદ્દાઓ પણ છે. બીજી તરફ, એશિયાઈ-અમેરિકન સમુદાય પણ પોતાની રાજકીય શક્તિનો ઉપયોગ કરવા માટે સજાગ બન્યો છે. શિક્ષણ, આરોગ્ય સંભાળ અને નાના ધંધા માટેની નીતિઓ એશિયાઈ મતદારોના મુખ્ય મુદ્દાઓ બની રહ્યા છે.આ સમુદાયોની અસર ફક્ત સ્થાનિક સ્તરે જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળી રહી છે. અમેરિકાના અમુક મુખ્ય રાજ્યોમાં (જેમ કે ફ્લોરિડા, ટેક્સાસ, કેલિફોર્નિયા અને નેવાડા) આ સમુદાયો મહત્ત્વપૂર્ણ ભૌગોલિક પરિબળ બની ગયા છે. મધ્યસત્ર ચૂંટણીમાં જ્યારે બંને પાર્ટીઓ વચ્ચે કાંટાની ટક્કર હોય છે, ત્યારે લેટિનો અને એશિયાઈ મતદારોનું થોડુંક પણ ખસેડવું પરિણામને સંપૂર્ણપણે બદલી શકે છે.

માણસે ઉન્નત મસ્તકે જીવવું હશે તો એને મુક્ત અને સ્વમાની પ્રજા તરીકે લડત અપવી પડશે - સ્વામી બ્રહ્માનંદ

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

છપ્પનિયો દુષ્કાળ યમદૂત બનીને લોકોને ભરખી રહ્યો હતો. ભૂખ, રોગ અને રોજગારીના અભાવે રાજા-રજવાડાંઓને પણ લાચાર કરી મૂક્યાં હતાં. એ સમયે નર્મદાના કિનારે ગંગનાથના સાધુ કેશવાનંદે મુંબઈનાં સંપન્ન લોકો વચ્ચે જઈ ઝોળી પાથરી.

ગુરુ બ્રહ્માનંદના શિષ્ય ભારતીય સંસ્કૃતિની સમર્પણ ભાવનાને ઘેર ઘેર પહોંચાડતાં કહ્યું, "જે માત્ર પોતા માટે રાંધે છે અને તેમાં અન્યનો ભાગ રાખતો નથી તે પોતાનું પાપ જમે છે." અને જોતજોતામાં ગંગનાથ મહાદેવનો ભંડારો ભૂખ્યાં જન માટે ઉભરાતો ગયો.

તાત્યા ટોપે, મહર્ષિ અરવિંદ, બેરિસ્ટર દેશપાંડે, મામા ફડકે, કાકા કાલેલકર જેવાં અનેક સેનાનીનાં આશ્રયસ્થાન સમા ગંગનાથનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષ પુરાણો છે. પરંતુ ૧૮૫૭ના બળવા પછી સૈનિકોનાં ગુપ્ત નિવાસ સમો નર્મદાનો તટ, સાધુઓના પરિવેશમાં સ્વાતંત્ર્યના ધૂણો લાકડાં સંકોરતા રહેવા માટે જાણીતો બન્યો. કંઈ વિશેષ ચહલપહલ વિના જ નર્મદાતટ ઉપર દેશભક્તિ અને જનસેવાને આધ્યાત્મ સાથે વણી લેવાની પ્રવૃત્તિ વિસ્તરતી રહી. પાણીપતનાં યુદ્ધ પછી ભૂગર્ભમાં ઉતરી ગયેલા કેટલાક મરાઠા સરદારો પૈકી સદાશિવરાવ ભાઉ એટલે ભાવગીર્દી તેમ જ છત્રપતિ શિવાજીમહારાજના સાથી પ્રભુગુપ્તેના વંશજ રંગો બાપજી, સાધુવેશે બ્રહ્માનંદ નામ ધારણ કરી ગંગનાથમાં બેઠા છે અને બાલા ભગવતીની જ્ઞાનસાધના કરે છે તેની જાણ ગાયકવાડી રાજ્યના સુબા મલ્હારાવનો ખરી. પરંતુ અંગ્રેજ શાસન તો ૧૮૫૭ના બળવાનો અગ્ર સેનાની હજુ સક્રિય છે તે બાબતે ચાલીસ વર્ષ સુધી અંધારામાં જ રહ્યું.પરંતુ ૧૯૦૬માં બ્રિટિશ હકુમતને ગાયકવાડ તાબાનાં ડભોઈ પરગણામાં આવેલ ગંગનાથની ભાળ મળી અને લગભગ ૩૬ વર્ષ સુધી મહાદેવનાં સ્થાનકને તાબામાં રાખી નર્મદાતટના સાધુઓ ઉપર બાજ નજર ગોઠવી.

પણ બે તટે વહેતી નર્મદામૈયાની સાત સાત વખત પરિક્રમા કરી ચૂકેલા સ્વામી બ્રહ્માનંદ માટે તો 'સાધુ ચલતા ભલા'ની વાત સાચા અર્થમાં ચરિતાર્થ બની. ભગવા વેશે નર્મદાના કિનારે બેઠેલા સંસારના વિસામા જેવો ગરવો રાજકારભારી અંગ્રેજોના હાથમાં આવે તેમ નહોતો. પણ નર્મદાનાં સાંનિધ્યમાં રાજયોગ અને હઠયોગની સાધનામાં બ્રહ્માનંદ બંધાતા ગયા. મહર્ષિ અરવિંદ પોતાની નોંધમાં લખે છે, "૧૦૮ વર્ષ સુધી સ્વસ્થ આયુષ્ય ધરાવતા બ્રહ્માનંદજી જ્યોતિષ, આયુર્વેદ, ખગોળ અને ગાયન-સંગીતમાં વિદ્વત્તા ધરાવતા હતા. તેઓ કહેતા, "અમે સંસારને ભલે ત્યાગ આપ્યો હોય પણ આ શરીર તો સંસારમાંથી જ જન્મ્યું છે અને આ શરીર તો સંસારીઓથી જ પોષાઈ રહ્યું છે." સંસારી કે સાધુ સહુને માતૃભૂમિના બેટા જાણતા સાધુ બ્રહ્માનંદ માટે તો માતૃભૂમિની મુક્તિ એટલે જ મોક્ષ હતો."

પ્રાચીન સમયથી ગંગા સમ્મીએ જ્યાં માત્ર બહેનોનો મેળો ભરાય છે તેવાં સંતોષ અને શાંતિનાં પ્રાકૃતિક ધામ જેવાં ગંગનાથની કોતરોમાં મરાઠા, સિંધિયા, હોળકર અને ગાયકવાડ રાજયોને એકસૂત્રે બાંધવાના પ્રયત્નો થયા. અંગ્રેજો સામે ઉગામવા હથિયારો બન્યાં. સવિશેષ નાનાં-નાનાં રજવાડાંઓ વચ્ચે વહેંચાયેલાં છતાં સ્વતંત્ર બનવા માંગતા ભારતવર્ષ માટે "એક સેનાની, એક દેશ"નો મંત્ર નર્મદાનાં સાંનિધ્યમાં પ્રથમ વખત વહ્યો હતો.

દેશની અખંડિતતા અને અધ્યાત્મના તાણાવાણાને નીરખતાં જણાય છે કે શિવાજીમહારાજની પ્રેરણા સ્વામી રામદાસ હતા, ૧૮૫૭ના બળવાનાં રોટી-કમળનો સંદેશ લઈ ફરનાર શંકરાનંદ અને ટોકરાનંદ સંન્યસ્થ હતા. મોંગલો સામેના જુલમને પડકારનાર પંચ પ્યારે ગુરુ ગોવિંદસિંહ કે પછી ભગવદ્ગીતાનાં બળે સ્વરાજની ખેવના કરતા મોહનદાસ ગાંધીને જોતાં જણાય છે કે, ભારતમાં જ્યારે જ્યારે શુદ્ધ રાષ્ટ્રપ્રેમનો અગ્નિ પ્રજ્વલિત થયો છે ત્યારે તેમને આ આધ્યાત્મિક દૃષ્ટિ સાથે સૂચક સંબંધ રહ્યો છે. ભારતની રાષ્ટ્રભક્તિના જુવાળ પાછળ હંમેશાં કોઈ ગૂઢ ઈશ્વરીય શક્તિનો અહેસાસ ભારતીયોને મળ્યો છે.

"માભોમના પ્રત્યેક સપૂત માટે મને ભાવ છે" તેવું કહેતાં બ્રહ્માનંદજી ભાર દઈને કહેતા "માણસે ઊંચા મસ્તકે જીવવું હોય તો એને મુક્ત અને સ્વમાની પ્રજા તરીકે ઝઝૂમવું પડશે." તેમણે ભાખ્યું હતું કે "હિંદુસ્તાનની પ્રજા એક દિવસ ઉન્નત મસ્તકે જીવશે અને જગતના ચોકમાં સ્વતંત્ર પ્રજા તરીકે પોતાનો ભગવો લહેરાવશે."

ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં વહાણમાં બેસી વ્યાપાર કરવા આવેલા વિદેશીઓએ લશ્કરી તકનિક અને રાજ્યવહીવટનાં બળે દેશનાં રજવાડાંઓને માત કર્યાં. ભારતીયોની વ્યક્તિનિષ્ઠાને સ્વાર્થના દોરે જોડી લાભ તારવી ગયા. અને દેશને ભૂખમરો, વહેમ, બેરોજગારી અને દરિદ્રતાના કૂવામાં ધકેલતા ગયા. આ સ્થિતિ વચ્ચે પણ રાષ્ટ્રનું અધ્યાત્મ બ્રહ્માનંદ જેવા ગુરુપદમાં દીપ્તિમાન હતું અને નર્મદા જેવી માતાઓનો જળપ્રવાહ જમીનને તૃપ્ત કરતો હતો. આથી રાષ્ટ્રનું પુણ્ય ખૂટ્યું નહીં!

પરંતુ એકવીસમી સદીમાં વિદેશીઓ ઉપભોગતાવાદનાં જહાજમાં ફરી પથરાઈ રહ્યા છે ત્યારે ભારતવર્ષના અધ્યાત્મે સમાજસેવા અને રાષ્ટ્રીયતાને ભગવા લૂગડે બાંધવાનો વખત આવી ગયો છે. દેશનું સ્વાભિમાન તિરંગાનું ગૌરવ ગાન છે.

ચતુર સિંહની ચતુરાઈ

વાર્તા



એક દિવસ મોહન નામનો યુવાન પોતાની નવીનક્કોર સાઇકલ પર સવાર થઈને જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. અચાનક રાક્ષસ હવામાં ઊડતો ઊડતો આવી ચડ્યો. રાક્ષસનો વિકરાળ ચહેરો જોઈ મોહન ભયભીત થઈ ગયો.

વિકલાણી પલ્લવી હેમલકુમાર

મદનપુર નામે એક નાનકડું અને સુંદર ગામ હતું. ગામના લોકો એકબીજા સાથે હળીમળીને સુખથશાંતિથી રહેતા હતા. ગામની સીમ અડીને એક ઘટાદાર જંગલ આવેલું હતું. આ જંગલમાં એક અત્યંત માયાવી અને ઉપદ્રવી રાક્ષસ રહેતો હતો. મદનપુરના રહેવાસીઓ સંધ્યાકાળે સૂરજ આથમ્યા પછી જંગલના માર્ગેથી પસાર થવાનું ટાળતાપ છતાં ક્યારેક સંજોગોવશાત્ જો કોઈ મોડું પડે, તો રાક્ષસ તેને અચૂક રંજાડતો.

એક દિવસ મોહન નામનો યુવાન પોતાની નવીનક્કોર સાઇકલ પર સવાર થઈને જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. અચાનક રાક્ષસ હવામાં ઊડતો ઊડતો આવી ચડ્યો. રાક્ષસનો વિકરાળ ચહેરો જોઈ મોહન ભયભીત થઈ ગયો. ગભરાટમાં તેણે સાઇકલ પરનો કાબૂ ગુમાવ્યો અને સીધી ઝાડ સાથે અથડાવી દીધી. મોહનને નીચે પટકાયેલો જોઈ રાક્ષસ તકનો લાભ ઉઠાવી સાઇકલ ઉપાડીને આકાશમાં ઊડી ગયો! મોહન રડમસ ચહેરે માંડ ઘેર પહોંચ્યો.

બીજે દિવસે એક કઠિયારો અને તેની પત્ની જંગલમાં લાકડાં કાપવા ગયાં. લાકડાં શોધતાં શોધતાં તેઓ જંગલમાં ખૂબ ઊંડે નીકળી ગયાં, જેથી સાંજે પાછા વળતાં ઘણું મોડું થઈ ગયું. બંને ડરતાં ડરતાં પગલાં ભરતાં હતાં, ત્યાં જ ઝાડીઓમાંથી ધસી આવેલા રાક્ષસે કઠિયારાને ઉપાડી લીધો! તેની પત્ની રોતીથરકળતી સીધી ગામના સરપંચના ઘેર પહોંચી અને ન્યાય માટે પોકાર કર્યો.

સરપંચના આંગણે આખું ગામ એકઠું થઈ ગયું. સૌ ગ્રામજનોએ આજીજી કરી, 'સરપંચજી, ગમે તે ઉપાય કરીને આ ઘાતકી રાક્ષસના ત્રાસમાંથી અમને મુક્તિ અપાવો!'

સરપંચે ચિંતિત અવાજે જાહેરાત કરી, 'આ રાક્ષસનો ઉત્પાત હવે અસહ્ય બની ગયો છે. હું ગામ સમક્ષ વચન આપું છું કે જે કોઈ વીર પુરુષ આ રાક્ષસના ભયમાંથી ગામને મુક્ત કરશે, તેને હું રાજીખુશીથી મારું સરપંચ પદ સોંપી દઈશ!'

આ જાહેરાત થતાં જ લોકટોળામાંથી એક દૃઢ અને શાંત અવાજ ગુંજ્યો, 'હું ચતુરસિંહ, આ મુશ્કેલ કાર્ય કરવા તૈયાર છું! મને ફક્ત બે દિવસની મહેતલ આપો.' સરપંચ અને ગ્રામજનોએ આશાભેર સંમતિ દર્શાવી.

ચતુરસિંહ પોતાના નામ પ્રમાણે જ અત્યંત બુદ્ધિશાળી અને સમયપારખુ હતો. પ્રથમ દિવસે તેણે સમગ્ર વિસ્તારની ઝીણવટભરી વિગતો મેળવી - રાક્ષસ કયા સમયે આવે છે, તેને કઈ વસ્તુઓ પ્રિય છે અને તેની કમજોરી શું છે.

બીજે દિવસે સંધ્યા ઢળતાં જ ચતુરસિંહ જંગલની વચ્ચે પહોંચ્યો અને મોટેમોટેથી રાક્ષસને સાદ કરવા લાગ્યો. રાક્ષસને ભારે અચરજ થયું કે, 'આખું ગામ મારા નામથી થરથર કાંપે છે, ત્યારે આ માણસ મને સામે ચાલીને કેમ બોલાવી રહ્યો છે?'

ચતુરસિંહે હોશિયારીથી વાત શરૂ કરી, 'હે મહાબળી, મને પાતાળલોકના રાજા મહાસુરે તમારી કસોટી કરવા મોકલ્યો છે. જો તમે મારા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપશો, તો તમને રાક્ષસોના ભવ્ય રાજમહેલમાં સ્થાન મળશે, જ્યાં તમામ સુખ-સાહ્યબી હાજર હશે!'

રાક્ષસ તો હરખાઈ ગયો. ચતુરસિંહે તેને સ્વાદિષ્ટ ઘીના લાડુ ખવડાવ્યા. લાડુ આરોગીને રાક્ષસ વધુ ખુશ થયો. ચતુરસિંહે પૂછ્યું, 'કહો જોઈએ, તમારામાં એવી કઈ કઈ અદ્ભુત શક્તિઓ છે?'

રાક્ષસે ગર્વથી છાતી ફુલાવી, 'હું ધારું તો પર્વતોને એક હાથે ફંગોળી શકું, વાદળોમાં ઊડી શકું અને પળવારમાં મનગમતું રૂપ ધારણ કરી શકું!'

ચતુરસિંહે જાણીજોઈને શંકા દર્શાવી, 'એ બધું તો ઠીક, પણ શું તમે તમારા શરીરનું કદ નાનુંથમોટું કરી શકો છો?'

રાક્ષસ ખડખડાટ હસ્યો, 'અરે, એ તો મારી ડાબા હાથની રમત છે! હું ઊંચા તાડના ઝાડ જેવો વિશાળ પણ બની શકું અને નાની કીડીથીયે સૂક્ષ્મ રૂપ લઈ શકું!'

ચતુરસિંહે પોતાની થેલીમાંથી કાચની એક મજબૂત બરણી કાઢી જમીન પર મૂકી અને પડકાર ફેંક્યો, 'મારી નજરે જોયા વગર હું કેવી રીતે વિશ્વાસ કરું? જો તમે સાચે જ માખી જેવડું સૂક્ષ્મ રૂપ ધારણ કરીને આ બરણીની અંદર પ્રવેશી બતાવો, તો જ હું તમને સર્વશ્રેષ્ઠ માનું!'

અભિમાની રાક્ષસ છેતરાઈ ગયો. તેણે ક્ષણવારમાં પોતાનું શરીર માખી જેવડું બનાવી દીધું અને સડસડાટ બરણીની અંદર પેસી ગયો. રાક્ષસ જેવો અંદર ગયો કે તુરંત ચતુરસિંહે બરણીનું મજબૂત ઢાંકણું ચડાવી સીલ કરી દીધું!

રાક્ષસ બરણીની અંદર ધમપછાડા કરતો રહી ગયો, પણ બહાર નીકળી શક્યો નહીં. ચતુરસિંહે એ કાચની બરણીને નદીના ઊંડા વહેણમાં વહાવી દીધી.

આમ, ચતુરસિંહે બાહુબળને બદલે બુદ્ધિબળનો ઉપયોગ કરીને મદનપુરના લોકોને રાક્ષસના ત્રાસમાંથી કાયમ માટે મુક્તિ અપાવી. ગામલોકોએ તેને માનભેર નવા સરપંચ તરીકે સ્વીકાર્યો અને તેણે ગામની ઉન્નતિનાં ઉત્તમ કાર્યો કર્યાં.

એઆઇ ટેકનોલોજીના વિકાસમાં ચીન અને અમેરિકા વચ્ચે ગળાકાપ હરીફાઇ

અમેરિકન કંપનીઓ સંશોધન કરે અને ચાઇના તેની આગવી ટેક્નિકથી તેની કોપી કરીને અમેરિકા અને પણ પાછળ રાખી દે તેવી ટેકનોલોજીનો આવિષ્કાર કરે. ઓછી મહેનતે સર્વોત્તમ એઆઇ મોડેલ વિકસાવવામાં ચાઇના નંબર વન બની ચૂક્યું છે જ્યારે પ્રશ્ન એ જાગે છે કે AI ના જવાબ પર કોનો કોપીરાઇટ? આ એક સૌથી મોટી કાનૂની ગૂંચવણ છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

એ આઈ દુનિયાની અંદર માની ન શકાય તેટલી ઝડપે આગળ વધી રહી છે માનવીના જીવન પર જગત પર તેનો પ્રભાવ હદ બહારનો વધી રહ્યો છે ત્યારે પ્રશ્ન જાગે છે કે અમેરિકા અને ચાઇના આ બાબતમાં શું કરી રહ્યા છે મહત્વનો સવાલ એ જ છે કે એ આઈ રાક્ષસી કદ ધારણ કરી રહ્યું છે ત્યારે લાગે છે કે આના પર સર્વોપરીતા કોની અમેરિકાની ચાઇનાની કે જગતના અન્ય દેશોની તે સવાલ આજે સૌ કોઈ પૂછી રહ્યું છે.

કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે શું એ સમજવા માટે પહેલા માણસ કેવી રીતે શીખે છે એ વિચારો. માણસ નાનપણથી વસ્તુઓ જુએ છે, સાંભળે છે, ભૂલો કરે છે અને એ ભૂલોમાંથી શીખે છે. કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે છૈં પણ લગભગ એ જ રીતે કામ કરે છે, પણ તે માણસ નથી, તે કમ્પ્યુટર પ્રોગ્રામ છે. તેને કરોડો પુસ્તકો, લેખો, ફોટા અને વીડિયો આપવામાં આવે છે અને તે તેમાંથી પેટર્ન શોધતા શીખે છે. એટલે જ તમે જ્યારે ફોનમાં બિલાડીનો ફોટો પાડો છો ત્યારે ફોન પોતે કહી દે છે કે આ બિલાડી છે, કે જ્યારે તમે યુટ્યુબ પર એક ગીત સાંભળો છો ત્યારે બીજું એવું જ ગીત સામે આવી જાય છે. આ બધું AI ને કારણે શક્ય બને છે. આજે જે ChatGPT જેવા ચેટબોટ્સ છે તે તો માણસ જેવી વાતો પણ કરી શકે છે.

આવી અદભુત ટેકનોલોજી બનાવવામાં બે અમેરિકન કંપનીઓ સૌથી આગળ છે. એક છે OpenAI. આ કંપનીએ ChatGPT બનાવ્યું અને દુનિયાભરમાં AI ને ઘરે ઘરે પહોંચાડી દીધું. તેનો વિચાર એ છે કે ખૂબ જ શક્તિશાળી AI બનાવવું અને તેને બધા લોકો માટે સલામત રીતે ઉપલબ્ધ કરાવવું. બીજી કંપની છે Anthropic. આ કંપનીની શરૂઆત OpenAI માંથી છૂટા પડેલા કેટલાક લોકોએ જ કરી હતી. તેઓ Claude નામનું AIમોડેલ બનાવે છે. તેમનું કહેવું છે કે તેઓ એવું AI બનાવવા માંગે છે જે વધુ પ્રામાણિક, નૈતિક અને નુકસાન ન કરે તેવું હોય. આ બંને કંપનીઓ પાસે દુનિયાના સૌથી હોશિયાર એન્જિનિયરો છે અને તેમણે રોકાણકારો પાસેથી અબજો ડોલર ભેગા કર્યા છે.

હવે પ્રશ્ન એ થાય કે આ AI નું મગજ ખરેખર કામ કેવી રીતે કરે છે. તેનો જવાબ છે માઇક્રોચિપ. જો છૈં ને શરીર કહીએ તો માઇક્રોચિપ તેનું મગજ છે. આ નાની ચિપની અંદર અબજોની સંખ્યામાં ટ્રાન્ઝિસ્ટર નામના નાના સ્વીચ હોય છે. આ સ્વીચ ચાલુ બંધ થઈને ગણતરીઓ કરે છે. AI ને તાલીમ આપવા માટે અબજો ગણતરીઓ કરવી પડે છે. સામાન્ય કમ્પ્યુટરની ચિપ જેને CPU કહે છે તે એક પછી એક ગણતરી કરે છે, જેનાથી ઘણો સમય લાગે. પણ AI માટે ખાસ GPU નામની ચિપ વપરાય છે. GPU એક સાથે હજારો ગણતરીઓ કરી શકે છે. તેને આપણે એમ સમજી શકીએ કે એક વ્યક્તિ એકલી એક મોટું મકાન બનાવે તેના કરતા હજાર મજૂરો ભેગા મળીને એક સાથે કામ કરે તો મકાન જલ્દી બને. GPU પણ એવું જ કરે છે. જ્યારે તમે AI ને કોઈ સવાલ પૂછો છો ત્યારે ચિપની અંદર મેટ્રિક્સ ગુણાકાર નામની ગાણિતિક પ્રક્રિયા થાય છે. તાલીમ દરમિયાન શીખેલા વજનના આધારે ચિપ નક્કી કરે છે કે પછી કયો શબ્દ આવવો જોઈએ. આ પ્રક્રિયા સેકન્ડના હજારમા ભાગમાં થાય છે. નવી ચિપ્સમાં HBM નામની ખાસ ઝડપી મેમરી પણ હોય છે જે ડેટાને તરત જ ચિપ સુધી પહોંચાડે છે જેથી AI અટકી ન જાય. ટૂંકમાં ચિપ વગર AI નું અસ્તિત્વ જ નથી. અમેરિકા પાસે Nvidia કંપનીની દુનિયાની સૌથી અદ્યતન ચિપ્સ છે અને તેણે ચીનને આવી ચિપ્સ આપવા પર પ્રતિબંધ મૂક્યો છે.

આ પ્રતિબંધ હોવા છતાં આજે ચીનની છૈં લેબ્સ માત્ર ત્રણથી છ મહિના જ પાછળ છે. આ કેવી રીતે શક્ય બન્યું એ જ મોટો સવાલ છે અને એનો જવાબ છે ડિસ્ટિલેશન. ડીપસીક, ક્વીહ જેવી ચીની કંપનીઓએ છેલ્લા થોડા મહિનામાં એવા મોડેલ્સ બહાર પાડ્યા છે જે અમેરિકન મોડેલ્સ જેટલા જ સારા છે પણ તેમની કિંમત દસ ગણી ઓછી છે અને તે મફતમાં ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે. અમેરિકન કંપનીઓનો આરોપ છે કે આ ચીની કંપનીઓ પોતાની મહેનતથી મોડેલ નથી બનાવતી પણ અમેરિકન મોડેલ્સની નકલ કરે છે. આ નકલની ટેકનિકને જ ડિસ્ટિલેશન કહેવામાં આવે છે.

ડિસ્ટિલેશનને ખૂબ સરળ ભાષામાં સમજીએ. ધારો કે એક ખૂબ મોટો વિદ્વાન શિક્ષક છે જેણે વીસ વર્ષ સુધી અથાગ મહેનત કરીને બધું જ્ઞાન મેળવ્યું છે. હવે એક વિદ્યાર્થી છે જેને વીસ વર્ષ ભણવું નથી. તે શું કરે. તે રોજ શિક્ષક પાસે જાય અને તેને લાખો સવાલો પૂછે. શિક્ષક જે જવાબ આપે તે બધા જવાબો તે એક નોટબુકમાં લખી લે. થોડા મહિના પછી તેની પાસે શિક્ષકના શ્રેષ્ઠ જવાબોની એક મોટી નોટબુક તૈયાર થઈ જાય. હવે તે માત્ર આ નોટબુકમાંથી ભણી લે છે અને પરીક્ષામાં લગભગ શિક્ષક જેટલા જ માર્ક્સ લાવે છે. AI ની દુનિયામાં પણ એવું જ થાય છે. મોટું અમેરિકન મોડેલ શિક્ષક છે અને નાનું ચીની મોડેલ વિદ્યાર્થી છે. ચીની લેબ્સ અમેરિકન મોડેલના API નો ઉપયોગ કરીને તેને લાખો વાર પ્રશ્નો પૂછે છે, જેમ કે આ કોડમાં ભૂલ શોધો, આ વાર્તાનો અંત લખો, આ ગણિતનો દાખલો ઉકેલો. અમેરિકન મોડેલ જે સુંદર જવાબ આપે છે તે બધા જવાબો ભેગા કરીને એક નવો ડેટાસેટ બનાવવામાં આવે છે. પછી આ નાના ડેટાસેટ પર એક નાનું મોડેલ તાલીમ લે છે. આ નાના મોડેલને ચલાવવા માટે બહુ ઓછી ચિપ્સની જરૂર પડે છે અને ખર્ચ પણ ઘણો ઓછો થાય છે. એટલે જ ઓછી ચિપ્સ હોવા છતાં ચીન આગળ વધી ગયું છે. OpenAI અને Anthropic એ હવે પોતાના નિયમોમાં સ્પષ્ટ લખ્યું છે કે તેમના જવાબોનો ઉપયોગ બીજા મોડેલને તાલીમ આપવા માટે કરવો એ નિયમનો ભંગ છે.



હવે સવાલ એ છે કે જો આવું થઈ રહ્યું છે તો અમેરિકન કંપનીઓ કોર્ટમાં કેમ નથી જતી. તેનું કારણ કાનૂની ગૂંચવણ છે. પહેલું કારણ એ છે કu OpenAI અને Anthropic એ પોતે પણ પોતાના મોડેલ્સ બનાવવા માટે આખા ઇન્ટરનેટ પરથી લેખકો, કલાકારો અને વેબસાઇટ્સની પરવાનગી વગર ડેટા ભેગો કર્યો છે. તેમની સામે પણ દુનિયાભરમાં કોપીરાઇટના કેસ ચાલે છે. એટલે જ્યારે તેઓ બીજા પર નકલનો આરોપ મૂકે ત્યારે સામે સવાલ ઉઠે છે કે તમે પોતે શું કર્યું હતું. બીજું મોટું કારણ એ છે કે AI એ લખેલા જવાબ પર કોનો કોપીરાઇટ લાગે તે હજુ કાયદામાં સ્પષ્ટ નથી. કાયદો કહે છે કે કોપીરાઇટ માત્ર માણસે બનાવેલી મૂળ કૃતિ પર લાગે. મશીને બનાવેલા જવાબનો કોઈ માનવ લેખક નથી, તો તેના પર કોપીરાઇટનો દાવો કરવો ખૂબ અઘરો છે. ત્રીજું કારણ એ છે કે ચીની મોડેલ્સ ઓપન-સોર્સ છે એટલે કે તેમનો કોડ ઇન્ટરનેટ પર મફતમાં મૂકવામાં આવ્યો છે. એક વાર કોઈ વસ્તુ ઇન્ટરનેટ પર મફતમાં ફેલાઈ જાય પછી તેને રોકવી લગભગ અશક્ય છે.

આ બધી બાબતોની અસર આપણા જેવા સામાન્ય લોકો અને ભારત જેવા વિકાસશીલ દેશો પર પણ પડશે. જો ડિસ્ટિલેશનને કારણે સસ્તા મોડેલ્સ બજારમાં આવશે તો AI સેવાઓની કિંમત ચોક્કસ ઘટશે. આજે સારા AI નો ઉપયોગ કરવા માટે દર મહિને વીસ ડોલર ચૂકવવા પડે છે જે ઘણા લોકો માટે મોંઘું છે. પણ જો તેના જેવું જ કામ કરતું મોડેલ મફતમાં મળવા લાગે તો વિદ્યાર્થીઓ, નાના વેપારીઓ અને નવા સ્ટાર્ટઅપને ખૂબ ફાયદો થશે. સ્પર્ધા વધવાથી નવી શોધો પણ ઝડપી બનશે. પણ બીજી બાજુ એ પણ યાદ રાખવું પડશે કે માત્ર બીજાની નકલ કરીને કોઈ દેશ લાંબા સમય સુધી આગળ નથી વધી શકતો. ઇતિહાસમાં એવા ઘણા ઉદાહરણો છે જ્યાં નકલથી શરૂઆત થઈ પણ મૂળ સંશોધન વગર પ્રગતિ અટકી ગઈ. તેથી નિષ્ણાતોનું કહેવું છે કે ડિસ્ટિલેશન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાને બદલે તેનો ઉપયોગ ક્યારે અને કેટલો કરવો તેના સ્પષ્ટ નિયમો બનાવવા જોઈએ જેથી નવી શોધને પણ નુકસાન ન થાય અને ગ્રાહકોને સસ્તી સેવા પણ મળતી રહે.

હોંગકોંગ ઈન્ટરનેશનલ સિક્સિસ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાને હરાવી અફઘાનિસ્તાન બન્યું ચેમ્પિયન

હોંગકોંગ, અફઘાનિસ્તાને રવિવારે અહીં હૉંગ કૉંગ ઈન્ટરનેશનલ સિક્સીસ નામની ટૂર્નામેન્ટની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. ગુલબદીન નઇબની કેપ્ટન્સીમાં અફઘાનિસ્તાને ૧૧૬ રનના લક્ષ્યાંકના જવાબમાં ૫.૧ ઓવરમાં બે વિકેટે ૧૧૯ રન બનાવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. ઈમરાન મીર (૫૩ અણનમ, ૧૪ બૉલ, સાત છગ્ગા, બે ચોગ્ગા)એ છઠ્ઠી ઓવરની શરૂઆતમાં વિનિંગ ચોગ્ગો ફટકાર્યો એ સાથે જ ટીમના ડગઆઉટમાં અને એની આસપાસ અફઘાન ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફના મેમ્બર્સ નાચવા લાગ્યા હતા, એકમેકને ભેટ્યા હતા અને યાદગાર સેલિબ્રેશન કર્યું હતું.

પચીસ વર્ષનો ઈમરાન મીર એક વર્ષ પહેલાં અફઘાનિસ્તાન વતી એક જ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો. તેને દેશ વતી વધુ નહોતું રમવા મળ્યું, પણ છ-છ ઓવર અને છ-છ ખેલાડી વચ્ચેની હૉંગ કૉંગ સિક્સીસમાં તેણે અફઘાનિસ્તાનને વિજય અપાવીને ક્રિકેટ જગતમાં ચમકાવી દીધું હતું. તેણે ફરમાનુલ્લા (૨૬ અણનમ, સાત બૉલ, ચાર છગ્ગા) સાથે ત્રીજી વિકેટ માટે ૮૭ રનની



અતૂટ અને ટ્રોફી-વિનિંગ ભાગીદારી કરી હતી.

જોકે ઑસ્ટ્રેલિયાની ટીમમાં કોઈ જાણીતા ઇન્ટરનેશનલ ખેલાડીઓ નહોતા. જૅક વૂડની કેપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ઓપનર મૅક્સ બ્રાયન્ટના ૪૪ રનની મદદથી નિર્ધારિત છ ઓવરમાં પાંચ વિકેટે ૧૧૫ રન બનાવ્યા હતા. કરિમ જનત અને નેન્જેલિયા ખાને એક-એક વિકેટ લીધી હતી. ત્રણ ઑસ્ટ્રેલિયન બૅટ્સમેન (અન્ય પ્લેયરને બૅટિંગની તક આપવા) રિટાયર આઉટ થયા હતા.

આ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાન, યુએઈ અને ઇંગ્લૅન્ડ સામે પરાજય જોયા બાદ ભારતે રવિવારે પોતાની છેલ્લી મૅચમાં બાંગ્લાદેશને પાંચ વિકેટના મોટા માર્જિનથી હરાવ્યું હતું.

જાપાન પછી જર્મનીમાં પી.વી. સિંધુએ હાયલો ઓપન સુપર-૫૦૦ ટાઇટલ જીત્યું

ઝારબ્રૂકન,જર્મની ભારતની ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન બૅડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુ એ રવિવારે હાયલો ઓપન સુપર-૫૦૦ નામની ટૂર્નામેન્ટની ફાઇનલમાં ડેન્માર્કની લીન હૉયમાર્ક કેઇર્સફેલ્ટને હરાવીને ચૅમ્પિયન બની ગઈ હતી. વર્તમાન સીઝનમાં સિંધુનું આ બીજું ટાઇટલ છે. તે જુલાઈમાં જાપાન ઓપનનું ટાઇટલ જીતી હતી તેમ જ ગયા અઠવાડિયે ફ્રેન્ચ ઓપનમાં રનર-અપ બની હતી.



સિંધુએ લીન હૉયમાર્કને સળંગ ગેમમાં ૨૧-૧૨, ૨૧-૧૪થી હરાવી દીધી હતી. કુલ પાંચ લાખ ડૉલરના ઈનામોવાળી આ ફાઇનલ ૩૯ મિનિટ સુધી ચાલી હતી.

સિંધુની વિશ્વમાં હાલમાં આઠમી અને લીન હૉયમાર્કની પચીસમી રૅન્ક છે. તે આ ટૂર્નામેન્ટમાં સેક્નડ-સીડેડ હતી, જ્યારે લીન હૉયમાર્ક આઠમી ક્રમાંકિત તરીકે રમી હતી.

આ પહેલાં સિંધુએ લીન હૉયમાર્કને સાતમાંથી છ મુકાબલામાં હરાવી હતી. હવે સિંધુનો જીત-હારનો રેશિયો ૭-૧ થઈ ગયો છે.

ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટ લીધા બાદ મેદાન પર જ ભીની થઈ ગઈ આંખો : સાયમન હાર્મરની સંઘર્ષગાથા

મુંબઈ, સાઉથ આફ્રિકાના અનુભવી ઑફ સ્પિનર સાયમન હાર્મર માટે કેપટાઉન ટેસ્ટ મેચ માત્ર આંકડાકીય સિદ્ધિ નહોતી, પરંતુ તેના સંઘર્ષભર્યા ક્રિકેટ પ્રવાસની એક ભાવનાત્મક પરાકાષ્ઠા સાબિત થઈ છે. ઓસ્ટ્રેલિયા સામેની નિર્ણાયક ટેસ્ટ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને હાર્મરે મેચમાં કુલ ૧૦ વિકેટ ઝડપી હતી અને સાઉથ આફ્રિકાને ૧૭૬ રનોથી ભવ્ય વિજય અપાવ્યો હતો. આ રોમાંચક જીત સાથે સાઉથ આફ્રિકન ટીમે ૩ મેચની ટેસ્ટ સિરીઝ ૨-૧થી પોતાના નામ કરી લીધી છે અને આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ સ્થાન મેળવી લીધું છે.



મેચ પૂરી થયા બાદ જ્યારે સાયમન હાર્મરને યુવા પેઢી માટે કોઈ સંદેશ આપવા જણાવ્યું ત્યારે આ ૩૭ વર્ષીય ખેલાડી ભાવુક થઈ ગયો અને તેની આંખોમાં આંસુ આવી ગયા. પોતાના મુશ્કેલ દિવસોને યાદ કરતા હાર્મરે કહ્યું કે તે પોતાના જીવનમાં કશું બદલવા માંગતો નથી, કારણ કે આ અનુભવોએ જ તેને આજના મુકામ પર પહોંચાડ્યો છે. ૨૦૧૫માં ભારત પ્રવાસ બાદ હાર્મર સાઉથ આફ્રિકાની ટેસ્ટ ટીમમાંથી બહાર થઈ ગયો હતો. ત્યારબાદ તેણે લાંબો સમય ઈંગ્લેન્ડમાં એસેક્સ માટે કાઉન્ટી ક્રિકેટ રમીને પોતાની રમતને વધુ ધારદાર બનાવી. આખરે લાંબા સંઘર્ષ બાદ વર્ષ ૨૦૨૨માં તેની ફરીથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી થઈ હતી.

મેચના આખરી દિવસે ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૨૮૮ રનનો લક્ષ્યાંક હતો, પરંતુ સાઉથ આફ્રિકન બોલરોએ કંગારુઓને કોઈ મોકો આપ્યો નહીં. ઝડપી બોલર રબાડાએ દિવસના પ્રારંભિક ઓવરોમાં જ બે મહત્વની વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાની બેટિંગ લાઇન-અપની કમર તોડી નાખી હતી.ત્યારબાદ સાયમન હાર્મરે બીજી ઇનિંગ્સમાં ઘાતક બોલિંગ કરતા માત્ર ૧૬ રન આપીને ૬ વિકેટ (૬/૧૬) ઝડપી હતી અને સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમને માત્ર ૧૧૧ રનમાં સમૂળગી સમેટાઈ દીધી હતી. મેચમાં કુલ ૧૦/૧૨૦ ના શાનદાર આંકડા સાથે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પ્રથમ ટેસ્ટમાં ૨૧૪ રને હાર્યા બાદ સાઉથ આફ્રિકાએ શાનદાર પુનરાગમન કર્યું હતું અને બીજી ટેસ્ટ ઇનિંગ્સ તથા ૩૧ રને જીતીને આ શ્રેણી પર શાનદાર કબજો જમાવ્યો છે.

ટીવી અભિનેત્રી હિના ખાને રોકી સાથે લગ્ન કરવાનો નિર્ણય માત્ર ૧૫ મિનિટમાં લીધો હતો

મુંબઈ, ટીવી અભિનેત્રી હિના ખાન અને રોકી જયસ્વાલની લવ સ્ટોરી કોઈ ફિલ્મી કહાનીથી કમ નથી. બંને લાંબા સમયથી એકબીજાની સાથે છે. જોકે, તેમના લગ્નનો નિર્ણય અચાનક લેવાયો હતો. હિના ખાને ખુલાસો કર્યો હતો કે તેમણે રોકી સાથે માત્ર ૧૫ મિનિટમાં લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. અભિનેત્રીએ જણાવ્યું કે તે સમયે પોતાની તબિયતને લઈને અનિશ્ચિતતા હતી અને એ જ તેમના અચાનક લગ્નનું મુખ્ય કારણ બન્યું હતું. સાનિયા મિર્ઝાના શોમાં પોતાની લગ્નની કહાની સંભળાવતી વખતે હિના ભાવુક થઈ ગઈ હતી.સાનિયા



મિર્ઝાના શોમાં હિનાએ જણાવ્યું કે રોકી સાથે લગ્ન કરવાનો નિર્ણય અગાઉથી નક્કી નહોતો. બંને લગભગ ૧૩થી ૧૪ વર્ષથી સાથે હતાં, પરંતુ લગ્નનું કોઈ આયોજન નહોતું. તે સમયે પોતાની સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિનો ઉલ્લેખ કરીને હિનાએ રોકીને કહ્યું હતું કે કાં તો તે આગળ વધીને પોતાની પસંદગીની કોઈ બીજી વ્યક્તિ સાથે લગ્ન કરી લે અથવા તેની સાથે જ લગ્ન કરી લે, કારણ કે તેને પોતાનું ભવિષ્ય શું હશે તેની ખબર નહોતી. હિનાની આ વાત સાંભળીને સાનિયા મિર્ઝા પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. તેણે પૂછ્યું કે શું ખરેખર માત્ર ૧૫ મિનિટમાં લગ્ન કરવાનો નિર્ણય લઈ લીધો હતો? તેના જવાબમાં હિનાએ કહ્યું કે હકીકતમાં આ નિર્ણય ૧૫ મિનિટ કરતાં પણ ઓછા સમયમાં લેવાયો હતો. હિનાએ જણાવ્યું કે તેની તબિયતને લઈને અનિશ્ચિતતા હતી અને તેથી તેણે રોકીને લગ્ન વિશે વાત કરી હતી. રોકીને પણ આ નિર્ણય સામે કોઈ વાંધો નહોતો.

હિનાએ વધુમાં કહ્યું કે લગ્ન તેમના સંબંધને વ્યાખ્યાયિત કરતા નથી. લગ્ન પહેલાં તેમનો સંબંધ જેવો હતો, તેવો જ લગ્ન પછી પણ રહ્યો છે.

ન્યૂઝીલેન્ડ સામે સળંગ બે મેચ હારનાર ટીમ ઈન્ડિયાના બેટીંગમાં દમ પરંતુ બોલિંગ પાસુ નબળું



મુંબઈ, ન્યૂઝીલેન્ડ સામેની ૫-૨૦ સિરીઝ ૩-૨ થી જીતી લીધી હોવા છતાં ટીમ ઈન્ડિયાની કમજોરીઓ ઉજાગર થઈ ગઈ છે. સિરીઝની છેલ્લી બે મેચોમાં મળેલી હારથી બોલિંગની પોલ ખુલી ગઈ છે. અભિષેક શર્મા પર બેટિંગની વધુ પડતી નિર્ભરતા, બોલરો દ્વારા સતત રન આપવા અને વૈભવ સૂર્યવંશીને પ્લેઇંગ ૧૧ માં મોકો ન આપવો તે ગૌતમ ગંભીરની રણનીતિ પર સવાલો ઊભા કરી રહ્યા છે.

હૈમિલ્ટનમાં રમાયેલી પાંચમી ૫-૨૦ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને ૭ વિકેટે હરાવ્યું હતું. ભારતીય બેટ્સમેનોએ ૧૯૧ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હોવા છતાં બોલરો તેનો બચાવ કરી શક્યા ન હતા. ટીમ સિફર્ટે ૫૦ બોલમાં ૯૩ રનની વિસ્ફોટક રમત રમીને મેચ પલટી નાખી હતી. અગાઉ, ઈશાન કિશને ૬૧ રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે ૫૦ રનની શાનદાર અડધી સદી છતાં ભારતીય બોલરોની નબળાઈના કારણે ટીમ જીત મેળવી શકી નહીં.

યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને સ્ક્વોડમાં સામેલ કરવા છતાં પ્લેઇંગ ઈલેવનમાં તક ન મળવી ચર્ચાનો વિષય બન્યો છે. મેનેજમેન્ટ પાસે ટોપ ઓર્ડરમાં વિકલ્પો હોવા છતાં, જો વૈભવને ભવિષ્યની યોજનાનો હિસ્સો માનવામાં આવે છે, તો તેને આંતરરાષ્ટ્રીય સ્તરે તક મળવી જરૂરી છે.

પ્રિયંકા ચોપરાએ પતિ નિક અને પુત્રી માલતી મેરી સાથે કરી હેલોવિનની ઉજવણી

મુંબઈ, હેલોવીનનો તહેવાર હોય અને તેમાં પ્રિયંકા ચોપરાનો અંદાજ જોવા ન મળે એવું તો બને જ નહીં! ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ પતિ નિક અને દીકરી માલતી મેરી સાથે હેલોવીનની ઉજવણી ખાસ અંદાજમાં કરી છે, તેમાંય દીકરી માલતીના 'ઘોસ્ટ પ્રિન્સેસ' લુકે સૌનું ધ્યાન ખેંચી લીધું છે.

પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર હેલોવીન સેલિબ્રેશનની કેટલીક તસવીરો શેર કરી છે, જેને જોઈને ફેન્સ તેના પરિવાર પર પ્રેમ વરસાવી રહ્યા છે. હેલોવીન માટે પ્રિયંકાએ કાઈલી જેનરના લોકપ્રિય 'કિંગ કાઈલી' લુકને પસંદ કર્યો હતો. લાંબી પિંક વિગ, બ્લેક બીની, મોટા સનગ્લાસેસ અને બ્લેક



કોપ ટોપ સાથે મેચિંગ જેકેટ તથા પેન્ટમાં તેનો અંદાજ એકદમ અલગ જોવા મળ્યો હતો.

પતિ નિક જોનાસ પણ કાઉબોયના અવતારમાં જોવા મળ્યો હતો, સફેદ કાઉબોય હેટ, બ્રાઉન સ્યુડ જેકેટ, ડાર્ક જીન્સ અને બ્રાઉન બૂટ્સમાં નિકનો લુક હેલોવીન માટે એકદમ પરફેક્ટ હતો.આ સેલિબ્રેશનમાં સૌથી ક્યૂટ લાગી નાનકડી માલતી મેરી. તેણે સફેદ રંગની સુંદર ફ્લોઇંગ ડ્રેસ સાથે કેપ, વિગ અને હાર્ટ શેપના સનગ્લાસેસ પહેર્યાં હતાં. 'ઘોસ્ટ પ્રિન્સેસ'ના આ અવતારમાં માલતી ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી.પ્રિયંકાએ તસવીરો સાથે મજેદાર કેપ્શન પણ લખ્યું હતું. તેણે જણાવ્યું કે પરિવાર કાઉબોય, ઘોસ્ટ પ્રિન્સેસ અને કિંગ કાઈલી બનીને ટ્રિક-ઓર-ટ્રીટિંગ માટે નીકળ્યો હતો. સાથે જ તેણે સૌને હેલોવીનની શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રિયંકાએ પોતાની સોશિયલ મીડિયા સ્ટોરીમાં મિલેનિયલ માતાઓ માટે પણ ખાસ મેસેજ શેર કર્યો હતો. તેણે મજાકિયા અંદાજમાં લખ્યું કે, 'થેન્ક્યુ કહ્યું કે નહીં?' કહેતી રહેતી તમામ મિલેનિયલ મમ્મીઓને હેપ્પી હેલોવીન!પ્રિયંકાની આ વાતે અનેક માતાઓને હસાવી દીધી છે, તેની આ પોસ્ટ પરથી સ્પષ્ટ છે કે હેલોવીનનો આનંદ પરિવાર સાથે માણવાની તેની રીત પણ એકદમ મજેદાર છે. પ્રિયંકાના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે હાલમાં એસ.એસ. રાજામૌલીની બહુચર્ચિત ફિલ્મ 'વારાણસી'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે સાઉથ સુપરસ્ટાર મહેશ બાબુ પણ જોવા મળશે. ફિલ્મને લઈને દર્શકોમાં અત્યારથી જ ઉત્સુકતા જોવા મળી રહી છે. અહેવાલ મુજબ ફિલ્મ ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. હાલમાં તો પ્રિયંકાની હેલોવીન તસવીરો સોશિયલ મીડિયા પર છવાયેલી છે. ખાસ કરીને માલતીના ક્યૂટ 'ઘોસ્ટ પ્રિન્સેસ' અવતારે પરિવારની આ ઉજવણીને વધુ યાદગાર બનાવી દીધી છે.

શબ્દ શોધો

ડ	શિ	ક	ડી	ર	ર	બા	સ	ભો	પ્રા	ચી	કુ
ર	મ	કા	ધ	આ	વ	ધ	પ્ર	ર	સા	ણ	જ્ઞા
કુ	બિ	રી	તી	બા	ત	સા	ભો	એ	બ	ન	ફ
ન	ગી	તા	પ	સ	બં	ગી	ચ	ધ	રો	બં	કા
ર	ક્ષ	સ	કા	બં	ખ	મ	મ	બા	ફ	બ	ગુ
ધ	શિ	અ	જ્ઞા	વા	ક	અ	ચી	ણિ	શ	લા	ડ
જ્ઞા	બં	શિ	વિ	ગ	પ્ર	ફ	લ	જ	મ	મ	ર
મા	ણ	રી	ઝ	લ	સ	કા	લ	ડો	રો	ગં	કા
ગુ	બા	લ	ક	ળો	ભા	જ્ઞા	ઐ	વિ	ર	ન	અ
અં	મ	ચ	ક	ચા	ર	દ	બિ	કી	ગ	હિ	સ
બા	લ	ના	ર	ભો	આ	ભ	વા	ક	ભો	ળો	અ
ધ	ળ	ળ	મ	ગુ	મા	ન	બા	લ	ઓ	ક	એ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

ફિલ્મ હનુમાન અંશના ડેબ્યુ ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીએ રચ્યો ઈતિહાસ

મુંબઈ, ફિલ્મી દુનિયામાં દરેક દિગ્દર્શકનું સપનું હોય છે કે તેની પહેલી જ ફિલ્મ દર્શકોના દિલમાં જગ્યા બનાવે અને બોક્સ ઓફિસ પર મોટી સફળતા મેળવે. પરંતુ બહુ ઓછા દિગ્દર્શકોને પોતાની પહેલી ફિલ્મથી જ એવી સફળતા મળે છે જેની ચર્ચા આખા દેશમાં થાય. આવું જ કંઈક ફિલ્મ 'હનુમાન અંશ'ના દિગ્દર્શક વિશાલ ચતુર્વેદી સાથે થયું છે. પોતાની પહેલી જ ફિલ્મથી તેમણે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી છે. ફિલ્મે ભારતમાં ૩૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

આ સાથે વિશાલ ચતુર્વેદી ૩૦૦ કરોડથી વધુ કમાણી કરનારી ફિલ્મ આપનારા ભારતના એકમાત્ર ડેબ્યૂ ડિરેક્ટર બન્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, વિશાલ ચતુર્વેદીની ફિલ્મ 'હનુમાન અંશ'એ શરૂઆતમાં બોક્સ ઓફિસ પર ધીમી શરૂઆત કરી હતી. જોકે, ફિલ્મની વાર્તા અને આધ્યાત્મિક વિષયને કારણે ધીમે ધીમે દર્શકોનો પ્રતિસાદ વધતો ગયો ત્યાર બાદ ફિલ્મની કમાણીમાં સતત વધારો જોવા મળ્યો. ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ સુધીના ઉપલબ્ધ આંકડા પ્રમાણે ફિલ્મે ભારતમાં આશરે ૩૪૧ કરોડ રૂપિયાનું



નેટ કલેક્શન કર્યું હતું. કોઈ નવા દિગ્દર્શકની પહેલી ફિલ્મ માટે આટલી મોટી કમાણી નોંધપાત્ર સફળતા માનવામાં આવે છે.

ફિલ્મની સફળતા પાછળ તેની સ્ટોરી, કલાકારોનો અભિનય અને દિગ્દર્શકની રજૂઆતને મહત્વપૂર્ણ કારણ માનવામાં આવે છે. ખાસ વાત એ છે કે ફિલ્મે લાંબા સમય સુધી સિનેમાઘરોમાં પોતાની પકડ જાળવી રાખી હતી. ફિલ્મ 'હનુમાન અંશ'એ સિનેમાઘરોમાં ૮૬ દિવસ પૂર્ણ કર્યા હોવાનો અહેવાલ છે. સામાન્ય રીતે ઘણી ફિલ્મો શરૂઆતના થોડા દિવસોમાં જ બોક્સ ઓફિસ પર ધીમી પડી જાય છે, ફિલ્મનો આધ્યાત્મિક વિષય પણ તેની સફળતાનું એક મહત્વપૂર્ણ કારણ છે.

યો યો હની સિંહના ભત્રીજા વિદિત આલોકનું અકસ્માતમાં મોત : સિંગર થયો ભાવુક

જલંધર, પ્રખ્યાત સિંગર અને રેપર યો યો હની સિંહના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. હની સિંહના ભત્રીજા વિદિત ઓલકનું જલંધરમાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં મોત થયું છે. આજે વહેલી સવારે બનેલી આ દુર્ઘટનામાં વિદિતના મિત્ર આરવ તલવારનું પણ મૃત્યુ થયું હતું. બંને મિત્રો જન્મદિવસની પાર્ટીમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની કાર ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. અહેવાલ અનુસાર આ અકસ્માત જલંધરના પોલીસ લાઈન્સ વિસ્તાર નજીક આવેલા ફ્લાયઓવર પર થયો હતો. વિદિત ઓલક અને આરવ તલવાર ફોક્સવેગન કારમાં સવાર હતા. તેમની કાર બીએમસી ચોકથી બીએસએફ ચોક તરફ જઈ રહી હતી, ત્યારે રસ્તા પર ઉભેલી નગર નિગમની ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બંને યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. બારાદરી પોલીસ સ્ટેશનના એસએચઓ સાહિલ ચૌધરીના જણાવ્યા અનુસાર, પોલીસને અકસ્માતની જાણ વહેલી સવારે લગભગ



૩ વાગ્યે મળી હતી. તે સમયે નગર નિગમના સફાઈ કર્મચારીઓ ફ્લાયઓવર પર સફાઈ કરી રહ્યા હતા અને કચરો એકત્ર કરવા માટે ટ્રેક્ટર-ટ્રોલી રસ્તા પર ઊભી રાખી હતી. આ દરમિયાન પસાર થતી કાર તેની સાથે અથડાઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત સમયે ફોક્સવેગન કારમાં કુલ પાંચ લોકો સવાર હતા, જેમાંથી વિદિત ઓલક અને આરવ તલવારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

દિવાળી પૂર્વેના અંતિમ રવિવારે દેખાયો ખરીદીનો માહોલ

કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને ઘર શણગારની વસ્તુઓની ધૂમ ખરીદી: રવિ પુષ્ય નક્ષત્રના શુભ યોગમાં સોના-ચાંદીના શોરૂમોમાં પણ ભીડ જામી

ભાવનગર,તા.૨

દીપોત્સવ પર્વની શરૂઆત થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાવનગર શહેરની વિવિધ બજારોમાં રવિવારે સવારથી જ લોકોની ભારે ભીડ જોવા મળી રહી હતી. દિવાળી પૂર્વેના અંતિમ રવિવારે મહિલાઓ અને બાળકો સહપરિવાર ખરીદી માટે નીકળતા મોડી રાત સુધી બજારો ધમધમતી રહી હતી.

ગોહિલવાડમાં દિવાળી પર્વની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે લોકોએ કપડાં, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, ઘર શણગારની સાધન-સામગ્રી,



તસવીર : ધવલ વાજા

તોરણ અને દીવડાઓની મનમૂકીને ખરીદી કરી હતી. સોમવારથી વેકેશન અને રજાઓનો દોર શરૂ થતાં બોનસ-પગારની રકમ સાથે ગ્રાહકોનો ધસારો વધુ વધશે તેવી વેપારીઓને આશા છે. ઉપરાંત ગઈકાલે રવિ પુષ્ય નક્ષત્રનો ઉત્તમ ધાર્મિક યોગ હોવાથી લોકોએ સોના અને ચાંદીની ખરીદી તેમજ રોકાણ કરવામાં ખાસ રસ દાખવ્યો હતો. ખરીદીના આ ઉત્સાહજનક માહોલને કારણે વેપારી આલમમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

મહુવા યાર્ડમાં દિવાળીના તહેવારોને પગલે તા. ૬ થી ૧૩ સુધી બંધ રહેશે

ભાવનગર.તા.૨

મહુવા માર્કેટિંગ યાર્ડમાં દિવાળીના તહેવારો નિમિત્તે આગામી તા. ૬ થી ૧૩મી નવેમ્બર-૨૦૨૬ સુધી તમામ પ્રકારની વેપારી કામગીરી બંધ રાખવાનો સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે. મહુવા યાર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, ખેડૂતો માટે તા. ૪થી નવેમ્બર-૨૦૨૬ સુધી જ મગફળી સિવાયની અન્ય તમામ જણસોની આવક સ્વીકારવામાં આવશે, જે આવકનો છેલ્લો દિવસ રહેશે. ત્યારબાદ તા. ૬ થી ૧૩ નવેમ્બર દરમિયાન તહેવારોને પગલે યાર્ડનું કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે. દિવાળી રજાઓ બાદ નવી જણસોની આવકોને તા. ૧૩મી નવેમ્બરના રોજ સાંજે ૪ વાગ્યાથી યાર્ડ પરિસરમાં પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ આગામી તા. ૧૪મી નવેમ્બર-૨૦૨૬, શનિવાર એટલે કે લાભપાંચમના શુભ દિવસે સવારે ૯:૩૦ કલાકે સ્નેહમિલન સમારોહ યોજાશે અને ત્યારથી હરાજી સહિતનું તમામ કામકાજ રાબેતા મુજબ પુનઃ શરૂ કરવામાં આવશે.

નારી ચોકડી પાસેથી દારૂની બોટલ સાથે યુવક ઝડપાયો

ભાવનગર, તા.૨

ભાવનગરની નારી ચોકડી પાસે વરતેજ પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની બોટલ સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, મોડી રાત્રે વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં થેલો લઈને ઊભેલા પારસભાઈ વનાભાઈ કંટારિયા (ઉં.વ.૨૧, રહે. ભુતેશ્વર ગામ)ની તપાસ કરવામાં આવી હતી. તેના થેલામાં કપડાંની નીચે છુપાવેલી દમણમાં વેચાણ માટેની ડી.એસ.પી. બ્લેક ક્લાસિક વ્હિસ્કીની ૭૫૦ એમ.એલ.ની એક સીલપેક બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૩૦૦ની દારૂની બોટલ કબજે કરી પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ, એ) તથા ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી યુવકની ધરપકડ કરી હતી.

'ઘર ઘર દ્રષ્ટિ અભિયાન'ને વેગ આપવા વિશ્વકક્ષાની અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું થશે નિર્માણ

નવસારીના સુપા ગામે ૫ થી ૧૩ ડિસેમ્બર મોરારીબાપુની યોજાશે રામ કથા, આંખના દર્દીઓ માટે સેવાઓનો મહાસાગર રચાશે

ભાવનગર,તા.૨

સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ દ્વારા નવસારીના સુપા ગામની ધરા પર દ્રષ્ટિહીન વ્યક્તિઓની આંખોમાં રોશની પ્રગટાવવા અને 'ઘર ઘર દ્રષ્ટિ અભિયાન'ને વેગ આપવા માટે રૂ. ૪૫૦ કરોડના ખર્ચે વિશ્વકક્ષાની અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરવામાં આવશે. આ વૈશ્વિક સ્તરની નેત્ર હોસ્પિટલના લોકકલ્યાણાર્થે આગામી તા. ૦૫ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન મોરારી બાપુની 'શ્રી રામ કથા'નું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટના પ્રમુખ ડો. ભાવિનભાઈ પટેલના જણાવ્યા અનુસાર, સુપા ગામ ખાતે આશરે ૧૬



વીઘા જમીનમાં નિર્માણ પામનારી આ હોસ્પિટલમાં ૨૦૦ બેડ, ૨૧ ઓપરેશન થિયેટર અને 64 OPD જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ હોસ્પિટલમાં વર્ષે અંદાજે ૧,૨૦,૦૦૦ ઓપરેશનો થઈ શકશે, જેમાં મોતિયા, ગ્લુકોમા, રેટિના અને કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ સહિતની અસાધ્ય બીમારીઓની શ્રેષ્ઠ સારવાર રાહત દરે કે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ સાથે જ દ્રષ્ટિહીન લોકો માટે વિશેષ પુનર્વસન અને રોજગારલક્ષી તાલીમ કેન્દ્ર પણ સ્થાપવામાં આવશે, જેથી તેઓ દૈનિક જીવનમાં સ્વાવલંબી બની શકે.

આ રામકથાના આયોજનને સફળ બનાવવા ૪ હજારથી વધુ સ્વયંસેવકો ખડેપગે રહેશે તેમજ ૨૫ કિલોમીટર લાંબી વિશાળ 'આમંત્રણ રેલી'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે જીફ્દ્રસ ટ્રસ્ટ દ્વારા અગાઉ પણ 'પ્રોજેક્ટ દ્રષ્ટિ', 'દ્રષ્ટિમિત્ર પ્રોજેક્ટ', 'ચશ્મા રથ' અને 'જૂના ચશ્મા એકત્રીકરણ અભિયાન' જેવા અનેક સરાહનીય પ્રકલ્પો દ્વારા હજારો જરૂરિયાતમંદોને નવી દ્રષ્ટિ બક્ષવામાં આવી છે.

શહેરમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય ચિત્ર પ્રદર્શનઃ કલા અને માનવતાનો થયો અદભુત સંગમ

દેશ-વિદેશના ૨૭૦ ચિત્રકારોની કૃતિઓ પ્રદર્શિત કરાઈ; 'વિદ્યાદાન મહાદાન' હેઠળ ૧૦૦ જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ

ભાવનગર,તા.૨

ભાવનગરના કલાજગત માટે ગૌરવરૂપ બનેલા પ્રથમ આંતરરાષ્ટ્રીય ચિત્ર પ્રદર્શન-૨૦૨૬નું તુલિકા આર્ટ ફાઉન્ડેશન (મહુવા-ભાવનગર) અને વિશ્વમ કિડ્સ (વેરાવળ) દ્વારા તા. ૧ અને ૨ નવેમ્બર દરમિયાન ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી, સરદારનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ પ્રદર્શનમાં દેશ-વિદેશના કુલ ૨૭૦ ચિત્રકારોની અદ્ભુત કલાત્મક કૃતિઓ નિહાળવા મોટી સંખ્યામાં કલા રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું ઉદ્ઘાટન જિલ્લા શિક્ષણાધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયા અને શાસનાધિકારી પી.ડી. મોરીના હસ્તે



કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ, કલા અને વહીવટી ક્ષેત્રના અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન ગુજરાતના ૧૨ પ્રતિભાશાળી ચિત્રકારોનું વિશિષ્ટ સન્માન પણ કરાયું હતું.

આ આયોજનની સૌથી હૃદયસ્પર્શી પહેલ 'વિદ્યાદાન મહાદાન' રહી હતી, જે અંતર્ગત તા. ૨ નવેમ્બરના રોજ માતા-પિતાની છત્રછાયા વિનાનાં અને દિવ્યાંગ બાળકો સહિત કુલ ૧૦૦ જરૂરિયાતમંદ બાળકોને નોટબુક અને શૈક્ષણિક કીટનું વિતરણ કરી શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ચિત્રકલાને સેવાકાર્ય સાથે જોડનાર આ સફળ આયોજનને સફળ બનાવવા ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, ભરતભાઈ ચૌહાણ અને નિકુંજભાઈ સોલંકી સહિતની આયોજક ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. કલા અને માનવતાનો આ ઉત્સવ ભાવનગરના સાંસ્કૃતિક ઈતિહાસમાં યાદગાર બની રહ્યો હતો.

સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની કરાઈ ઉજવણી: પુષ્પાંજલિ તેમજ નેત્રયજ્ઞ યોજાયો

સરદાર બાગ ખાતે પ્રેરણાદાયી તસવીર પ્રદર્શન યોજાયું, ૨૦૦ જરૂરિયાતમંદોને વિનામૂલ્યે ચશ્માનું વિતરણ

ભાવનગર,તા.૨

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ભાવનગર શહેરના સરદાર બાગ ખાતે વિવિધ પ્રેરણાદાયી કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર યુવા મંડળના પ્રમુખ ભરત મોણપરાના જણાવ્યા મુજબ, ૩૧મી ઓક્ટોબરે સવારથી જ સરદાર સાહેબના જીવન-કવન પર આધારિત તસવીરોનું પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું, જેને નિહાળવા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર, રાજકીય પક્ષોના હોદ્દેદારો, સામાજિક આગેવાનો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત સરદાર યુવા મંડળ દ્વારા જનસેવાના ભાગરૂપે વિનામૂલ્યે બેતાળા ચશ્મા કેમ્પનું



આયોજન કરી આશરે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકા, સરદાર યુવા મંડળ તથા સામાજિક-રાજકીય આગેવાનોના સહયોગથી સરદાર સાહેબની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી સંપન્ન થઈ હતી.

કરચલીયાપરામાં ૪ શખ્સોનો શ્રમિક ઉપર છરી અને પાઈપ વડે હુમલો

જૂની બોલાચાલીની અદાવતમાં યુવકને છરીના ઘા ઝીંક્યા,જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૨

ભાવનગરના કરચલીયાપરા વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવત રાખી ચાર શખ્સોએ એક શ્રમિક પર છરી, લોખંડના પાઈપ અને ઢીકાપાટુ વડે હુમલો કરતાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે ગંગાજળિયા પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવ અંગે મળતી ફરિયાદ મુજબ, શહેરના કરચલીયાપરા શિવનગરમાં રહેતા બિપીનભાઈ ઉર્ફે હિપ્પો ચંદુભાઈ પરમાર (ઉ.વ.૩૬) ગત રાત્રે મેલડી માતાના મંદિર પાસેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે રાત્રે આઠેક વાગ્યાના અરસામાં ઘર સામે પાછળથી આકાશ જીવાભાઈ વાઘેલા અને રાકેશ ઉર્ફે વાંકી ડોકાળો વાઘેલા આવ્યા હતા. આકાશે છરી વડે બિપીનભાઈના ડાબા હાથની કોણી ઉપર અને વાંસાના ભાગે ઘા ઝીંક્યા હતા, જ્યારે રાકેશે લોખંડના પાઈપ વડે માથામાં ફટકારતાં તેઓ નીચે પટકાયા હતા.ત્યારબાદ જીવાભાઈ વાઘેલા અને જીગ્નાશાબેન આકાશભાઈ વાઘેલાએ પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. ચારેય શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા, બનાવ અંગે ફરિયાદ નોંધાવતા ગંગાજળિયા પોલીસે BNSની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૩૫૧(૩), ૫૪ તથા જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરમાં રેમ્પ પ્રોજેક્ટ અંતર્ગત સેકન્ડ જનરેશન ઉદ્યોગ સાહસિક તાલીમ સેમિનાર સુપેરે સંપન્ન

કાઈઝન, લીન મેનેજમેન્ટ, બ્રાન્ડિંગ અને ડિજિટલ માર્કેટિંગ દ્વારા ઉદ્યોગોને વૈશ્વિક બનાવવાની તાલીમ અપાઈ

ભાવનગર, તા.૨

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ભાવનગર, સી.ઈ.ડી. અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કેન્દ્ર સરકારના 'રેમ્પ પ્રોજેક્ટ' અંતર્ગત ઉદ્યોગસાહસિકો માટે એક વિશેષ સેકન્ડ જનરેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગસાહસિકોની ઉત્પાદકતા વધારવા અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનવાનો હતો.

આ સેમિનારમાં મુખ્યત્વે ત્રણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું: જેમાં કાઈઝન અને લીન મેનેજમેન્ટ: નિષ્ણાત ભરતભાઈ વાઘેલાએ શોપ ફ્લોર પર પ્રોડક્ટિવિટી વધારવા અને ન્યૂનતમ ખર્ચે ગુણવત્તાસભર ઉત્પાદન અંગે માર્ગદર્શન આપ્યું. કેયુરભાઈ બુચે પ્રોડક્ટની આગવી ઓળખ ઊભી કરવા અને અક્ષતભાઈ શાહે એમેઝોન-ફ્લિપકાર્ટ જેવા પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન માર્કેટિંગ કરવા વિશે વિસ્તૃત ચર્ચા કરી. પ્રારંભમાં સી.ઈ.ડી.ના ડેપ્યુટી મેનેજર ડો.વિમલભાઈ જગડે સ્વાગત પ્રવચન કર્યું હતું.



ચેમ્બરના પ્રમુખ તેજસભાઈ શેઠે તાલીમી જ્ઞાનનો ઉપયોગ વેપારમાં કરવા ભાર મૂક્યો હતો, જ્યારે ઉપપ્રમુખ અશોકભાઈ કોટડીયાએ ઉદ્યોગ વિકાસ માટે આધુનિક પદ્ધતિઓની જરૂરિયાત સમજાવી હતી.આ ઉપરાંત, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનાઅમિત બાબુએ ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક નીતિની માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ઘનશ્યામસિંહ સરવૈયાએ અને આભારવિધિ જયભાઈ ત્રિવેદીએ કરી હતી, જેમાં બહોળી સંખ્યામાં ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

મહુવાના બિલડી ગામે સમાધાનની સલાહ આપતાં યુવક પર છરી-પાઈપથી હુમલો

છ શખ્સો સામે મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૨

મહુવા તાલુકાના બિલડી ગામના ઝાંપા વિસ્તારમાં સમાધાન કરી સંપથી રહેવાની સલાહ આપવી એક યુવકને ભારે પડી હતી. આ મામલે ઉશ્કેરાયેલા શખ્સોએ યુવક પર લોખંડની પાઈપ, લાકડાના ધોકા અને છરી વડે હુમલો કરતાં ઈજા પહોંચી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, બિલડી ગામના ઝાંપા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા યોગેશભાઈ મગનભાઈ બારૈયા (ઉ.વ.૩૦) ગઈકાલે તા.૧ના રોજ રાત્રે આશરે આઠ વાગ્યે પાણીના ટાંકા પાસે મિત્રો સાથે બેઠા હતા. આ દરમિયાન તેમણે સાગરભાઈ ધૂંધળવાને સંજયભાઈ કવાડ સાથે સગાઈના સંબંધો હોવાથી ઝઘડો કરવાને બદલે સમાધાન કરી સંપથી રહેવાની સલાહ આપી હતી. આ વાતનું મનદુઃખ રાખી સાગરે અન્ય શખ્સોને બોલાવ્યા હતા. ત્યારબાદ સાગર સહિત વિજયભાઈ, વિક્રમભાઈ, શંકરભાઈ, આકાશભાઈએ યોગેશભાઈ પર હુમલો કર્યો હતો. વિજયભાઈએ છરીના ઘા ડાબા હાથની કોણી અને પેટના ભાગે માર્યા હતા, જ્યારે અન્ય શખ્સોએ પાઈપ અને ધોકાથી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યોગેશભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં કોણીના ભાગે ચારથી પાંચ ટાંકા લેવા પડ્યા હતા. હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં છ શખ્સો વિરુદ્ધ BNSની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાઈ છે.

પિયરપક્ષે સમાધાન કરાવનાર પાડોશીના ઘરે જતાં માર માર્યો

લાઠીના શેખ પીપરીયા ગામે પરિણીતા પર ત્રાસ ગુજારનાર પતિ સહિત ૫ સાસરીયાઓ સામે રાવ

અમરેલી,

લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામે અગાઉ થયેલા સમાધાનની અદાવત રાખીને પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. તા. ૨૧-૧૦-૨૦૨૬ના રોજ બપોરના બારથી સાડાબાર વાગ્યાના અરસામાં શેખ પીપરીયા ગામે રહેતી અને લીલીયા મોટાના ઈગોરાળા(ડાડ) વિસ્તારની મૂળ વતની મદિનાબેન નુરમહમદ શેખ નામના મહિલા સાથે તેમના સાસરીયા પક્ષ દ્વારા ઝઘડો કરવામાં આવ્યો હતો.આ મામલે પરિણીતા દ્વારા લીલીયા પોલીસ મથકે પતિ સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

મદિનાબેનના પતિ નુરમહમદ ઈદ્રિશભાઈ શેખ સાથે અગાઉ કોઈ બાબતે ફરિયાદ થઈ હતી અને ત્યારબાદ સમાધાન થયું હતું. આ બાબતે ફરીવાર સાસરિયાઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોવાથી, કંટાળીને પરિણીતા સમાધાન કરનાર અને પોતાની જ્ઞાતિના જ તથા પાડોશના ઘરે વાતચીત કરવા ગયા હતા. આ વાતની જાણ થતાં જ પતિ નુરમહમદ, નણંદ ખુશ્બુબેન અને હલીમાબેનને આ બાબત સારી લાગી ન હતી અને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા.

ફોટોગ્રાફર ક્રિષ્નાબા પરમારનું ઉદયપુરમાં ફોટો પ્રદર્શન



ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સહયોગથી ગુજરાતના ભાવનગર ના ફોટોગ્રાફર ક્રિષ્નાબા પરમારનું ફોટો પ્રદર્શન ઉદયપુર હેરિટેજ સ્ટ્રક્ચર ભાગોર કી હવેલી ખાતે ખુલ્લુ મુકાયું આ પ્રસંગે હેમંત મહેતા, સંગીતકાર ઘનરાજ દધીચ, ડોક્ટર અજય સિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા આ પ્રદર્શન તારીખ ૧, ૨, ૩ નવેમ્બરના સવારે ૧૦ થી રાતના ૮ સુધી ખુલ્લુ રહેશે આ પ્રદર્શનમાં ઉદયપુરની આહાર કી છતરીયા દર્શાવવામાં આવી છે.

સમાધાનની વાત વચ્ચે હીરા શ્રમિક પર લોખંડની સાંકળથી કર્યો હુમલો

ચોમલ ગામે બનેલા બનાવની ગારિયાધાર પોલીસમાં ફરિયાદ

ભાવનગર,તા.૨

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ચોમલ ગામે જૂના ઝઘડાના સમાધાનની વાત દરમિયાન એક શખ્સે હીરા શ્રમિક પર લોખંડની જાડી સાંકળ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ગારિયાધાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ગારિયાધારના ચોમલ ગામે રહેતા વિપુલભાઈ છનાભાઈ પરમાર (ઉ.વ.૨૬) હીરા ઘસવાનું કામ કરે છે. ગત સાંજે પોણા છ વાગ્યાના અરસામાં તેઓ ગામના આંબેડકર સ્ટેચ્યુ પાસે ઊભા હતા ત્યારે ગામમાં જ રહેતા ધરમશીભાઈ ખોડાભાઈ પરમાર મોટરસાઈકલ લઈને આવ્યા હતા. અગાઉ વિપુલભાઈના ઘરેથી પાણી છલકાવવાની બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ બાબતે સમાધાનની વાત કરવા બોલાવી ધરમશીભાઈએ ગાળો આપી પોતાની પાસે રહેલી લોખંડની જાડી સાંકળ વડે વિપુલભાઈના માથા, જમણા હાથ, ખભા અને પગ પર ઘા ઝીંક્યા હતા તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો.બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપતાં વિપુલભાઈ ઘરે દોડી ગયા હતા. તેમના ભાઈ ભાવેશભાઈ તેમને સારવાર માટે ગારિયાધાર સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા.બનાવ અંગે ફરિયાદ નોંધાવતા ગારિયાધાર પોલીસે BNSની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તથા જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં થઈ હતી વોટ ચોરી, હાલ જ્ઞાનેશ કુમાર, અમિત શાહ અને મોદીની ઊંઘહ રામઃ રાહુલ ગાંધી

રામલીલા મેદાન ખાતે ઈન્ડિયા બ્લોકની મહારેલી યોજાઈ : વોટ બચાવો, દેશ બચાવો રેલીમાં વિરોધ પક્ષના નેતાઓ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની ઉગ્ર માંગ

નવી દિલ્હી,

'વોટ બચાવો, દેશ બચાવો' રેલીમાં વિરોધ પક્ષના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)ના રાજીનામાની માંગ કરી અને ભાજપ પર નિશાન સાધ્યું.



રવિવારે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનનું 'ચલો દિલ્હી' કૂચ અભિયાન શરૂ થયું. આ કૂચમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિત વિરોધ પક્ષના અનેક નેતાઓ મિન્ટો રોડ-કોનોટ પ્લેસ જંકશનથી રામલીલા મેદાન તરફ આગળ વધ્યા.

દિલ્હીના રામલીલા મેદાનમાં વિરોધ પ્રદર્શનકારીઓ એકત્ર થયા છે, જ્યાં ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓના મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ 'વોટ બચાવો, દેશ બચાવો' રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિરોધ પ્રદર્શન, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને વિરોધ પક્ષો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કરવામાં આવેલી 'પ્રતીકાત્મક મહાભિયોગ' કાર્યવાહીના એક દિવસ બાદ યોજાયું છે. બીજી તરફ, વિરોધ પક્ષોના આ આંદોલનની તારીખને લઈને તેમને ઘેરવાના હેતુથી, ભાજપ રવિવારે હરિ નગર વિસ્તારમાં ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના વિરોધમાં એક કૂચ (માર્ચ) કાઢશે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીના નેતૃત્વમાં યોજાનારી આ કૂચમાં વિવિધ શીખ સંગઠનો પણ જોડાશે.

કેનેડાઃ ક્વિબેક સરકાર પ્રાથમિક શાળાઓમાં પાઘડી અને નકાબ પર પ્રતિબંધ મૂકશે

કેનેડા

કેનેડિયન પ્રાંત ક્વિબેકમાં નવી સરકાર પ્રાથમિક શાળાઓમાં પાઘડી અને નકાબ સહિત તમામ ધાર્મિક ઢાંકણા પર પ્રતિબંધ મૂકશે, જે પહેલાથી અસ્તિત્વમાં છે તેવા પર પ્રતિબંધો ઉમેરશે. તેની અસર મોટે ભાગે યુવાન શીખ, મુસ્લિમ અને યહૂદી બાળકો પર પડશે.

ઓક્ટોબરમાં યોજાયેલી પ્રાંતીય ચૂંટણીમાં અલગતાવાદી પાર્ટી ક્વિબેકોઇસ સત્તામાં આવી હતી અને શાળાના બાળકો દ્વારા ખુલ્લેઆમ ધાર્મિક પોશાક પહેરવા પર પ્રતિબંધ તેના પ્લેટફોર્મનો એક ભાગ હતો.

મોન્ટ્રીયલ ગેઝેટ આઉટલેટ અનુસાર, "અમે આ આધાર પર ચૂંટાયા હતા, અને આ આધાર પર જ અમે કામ કરવા જઈ રહ્યા છીએ," પ્રાંતના શિક્ષણ પ્રધાન જોએલ આર્સેનોએ જણાવ્યું હતું.

સપ્ટેમ્બરમાં, પોલ સેન્ટ-પિયર પ્લેમંડન, જે હવે પ્રાંતના પ્રીમિયર છે, તેમણે કહ્યું હતું કે, "એ સ્વીકારવામાં આવે છે કે જ્યારે તમે તમારા બાળકને શાળાએ મોકલો છો, ત્યારે નિયમો હોય છે. મોટાભાગના લોકો સમજી જશે કે ધાર્મિક પ્રતીક દૂર કરી શકાય છે."

તે અગાઉના ગઠબંધન એવેનિર ક્વિબેકોર (CAQ) સરકાર હેઠળ એપ્રિલમાં લાગુ કરાયેલા વધુ પ્રતિબંધો પર આધારિત છે. તે સમયે ગેઝેટમાં અહેવાલ આપવામાં આવ્યો હતો કે જાહેર યુનિવર્સિટીઓ, સરકાર દ્વારા સબસિડી આપવામાં આવતી ખાનગી સંસ્થાઓ, બાળ કાર કેન્દ્રોમાં પણ ધાર્મિક પ્રથા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તે રસ્તાઓ પર અથવા ઉદ્યાનોમાં સામૂહિક ધાર્મિક પ્રથાઓ પર પણ પ્રતિબંધ મૂકે છે.

જાહેર સ્થળોએ ધાર્મિક પોશાક પર પ્રતિબંધ મૂકવાની પ્રક્રિયા ૨૦૧૯ માં ઝછઊ સરકાર હેઠળ શરૂ થઈ હતી. કહેવાતા ધર્મનિરપેક્ષતા કાયદાએ અમુક શ્રેણીના જાહેર સેવકોને શીખ પાઘડી અથવા મુસ્લિમ મહિલાના હિજાબ જેવા વિશ્વાસના દૃશ્યમાન પ્રતીક પ્રદર્શિત કરવાની મનાઈ ફરમાવી હતી.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બેંગલુરુ-મુંબઈ વંદે ભારત સ્લીપર એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી

બેન્ગ્લુરુ,

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રવિવારે બેંગલુરુ અને મુંબઈને જોડતી 'વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ'ને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. આ સેવા શરૂ થવાથી બે મોટા મહાનગરો વચ્ચે રાત્રિ દરમિયાન રેલ સંપર્ક વધુ મજબૂત બનશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૧૬ કોચ ધરાવતી આ વંદે ભારત સ્લીપર ટ્રેન બેંગલુરુના સર એમ. વિશ્વૈશ્વરૈયા ટર્મિનલ (SMVT) થી રવાના થઈ છે અને તે સોમવારે સવારે ૬:૧૫ વાગ્યે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) ખાતે પહોંચશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીઓ પ્રહલાદ જોશી અને એચ. ડી. કુમારસ્વામી, રાજ્ય મંત્રીઓ વી. સોમન્ના અને શોભા કરંદલાજે, તથા સંસદ સભ્યો તેજસ્વી સૂર્યા, પી. સી. મોહન અને સી. એન. મંજુનાથ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષિણ પશ્ચિમ રેલવેએ જણાવ્યું છે કે, આ ટ્રેનની નિયમિત સેવાઓ મુંબઈ-બેંગલુરુ દિશામાં ૨ નવેમ્બરથી અને પરત દિશામાં ૩ નવેમ્બરથી શરૂ થશે.

બેંગલુરુથી મુંબઈ જતી ટ્રેન નંબર ૨૩૬૫૨ અઠવાડિયામાં છ દિવસ (સોમવાર સિવાય) દોડશે. તે સાંજે ૩:૪૫ વાગ્યે SMVT બેંગલુરુથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧:૫૫ વાગ્યે CSMT મુંબઈ પહોંચશે.

પરત દિશામાં, ટ્રેન નંબર ૨૩૬૫૧ સાંજે ૮:૧૦ વાગ્યે CSMT મુંબઈથી ઉપડશે અને બીજા દિવસે બપોરે SMVT બેંગલુરુ પહોંચશે. આ સેવા અઠવાડિયામાં છ દિવસ (મંગળવાર સિવાય) કાર્યરત રહેશે.

અમેરિકા ઈરાન પર નવા સૈન્ય હુમલા કરશે, તો મર્યાદા વિનાની વળતી કાર્યવાહી કરવામાં આવશેઃ ઈરાન

મોજતાબા ખમેનીએ આપી અમેરિકન પ્રમુખ ટ્રમ્પને ચેતવણી

તેહરાન,

ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતાબા ખામએ યુનાઈટેડ સ્ટેટ્સને કડક ચેતવણી આપી છે. તેમણે દેશના સશસ્ત્ર દળોને આદેશ આપ્યો છે કે કોઈપણ નવા લશ્કરી ખતરાનો તાત્કાલિક અને ભૌગોલિક મર્યાદાઓ વિના જવાબ આપવામાં આવે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે ફરીથી સંઘર્ષ થવાની અનિશ્ચિતતા વધી રહી છે, ભલે બંને દેશો વચ્ચે સમજૂતી સાધવા માટેના રાજદ્વારી પ્રયાસો વેગ પકડી રહ્યા હોય. મોજતાબા ખામના સત્તાવાર 'ઠ' (ટ્વિટર) એકાઉન્ટ પર કરવામાં આવેલી કેટલીક પોસ્ટ્સ અનુસાર, તેમણે યુએસ સાથે વધતા તણાવની પૃષ્ઠભૂમિમાં દેશના સશસ્ત્ર દળોના વરિષ્ઠ કમાન્ડરો સાથે બેઠક યોજી હતી.

આ બેઠક દરમિયાન, ખામએ લશ્કરી કમાન્ડરોને સૂચના આપી કે દરેક ખતરાનો તાત્કાલિક અને અસરકારક જવાબ આપવામાં આવે, પછી ભલે તે ગમે તે ભૌગોલિક ક્ષેત્રમાં હોય. નિવેદનમાં જણાવાયું છે કે, "દરેક સ્તર અને પ્રકારના ખતરાનો સામનો તાત્કાલિક, અસરકારક અને ભૌગોલિક મર્યાદાઓ વિનાના જવાબ દ્વારા થવો જોઈએ." તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જો તેમના વિરોધીઓ ફરીથી લશ્કરી કાર્યવાહી કે આતંકવાદી હુમલા શરૂ કરે, તો ઈરાન પોતે જ નક્કી કરશે કે ક્યારે અને કઈ શરતો હેઠળ જવાબ આપવો.

જો હુમલા ફરી શરૂ થાય તો વળતો પ્રહાર કરવામાં આવશેઃ મોજતાબા ખામ ની



યુએસને ચેતવણી લશ્કરી નેતૃત્વને આપેલા સંદેશમાં, ખામએ ભારપૂર્વક કહ્યું કે ઈરાનના સશસ્ત્ર દળોએ સંભવિત સંઘર્ષ માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે કહ્યું કે દેશ તેના વિરોધીઓને ફરીથી શરૂ થનારા સંઘર્ષની શરતો નક્કી કરવા દેશે નહીં. તેમણે કહ્યું, "જો દુશ્મનો ફરીથી લશ્કરી કે આતંકવાદી હુમલા શરૂ કરે, તો ઈસ્લામિક રિપબ્લિકના સશસ્ત્ર દળો અને ઈરાનની જનતા જ નક્કી કરશે કે આ સંઘર્ષનો અંત ક્યારે અને કઈ શરતો પર લાવવો." ઈરાની નેતાએ દેશની લશ્કરી સજ્જતા મજબૂત કરવા પર પણ ભાર મૂક્યો.

નોઈડામાં થયેલી અથડામણમાં રણદીપ ભાટી ગેંગના વોન્ટેડ શૂટરનું મોત

નોઈડા,

નોઈડામાં પોલીસ સાથેની અથડામણમાં રણદીપ ભાટી ગેંગનો એક શૂટર માર્યો ગયો છે. ગોળીબારની આ ઘટનામાં બે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડીસીપી પ્રીતિ યાદવના જણાવ્યા અનુસાર, આ અથડામણ સેક્ટર ૧૨૬ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં થઈ હતી. મૃતકની ઓળખ માયા ઉર્ફે અમન ત્યાગી તરીકે થઈ છે, જે રણદીપ ભાટી ગેંગનો શૂટર હતો અને તેના પર ?૫૦,૦૦૦નું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

ડીસીપી પ્રીતિ યાદવે જણાવ્યું કે, ૩૧ ઓક્ટોબરની સાંજે પોલીસને માહિતી મળી હતી કે એસઓજી (SOG) ટીમ અને સેક્ટર ૧૨૬ પોલીસ સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ દરમિયાન, મોટરસાયકલ પર સવાર એક શંકાસ્પદ વ્યક્તિને તપાસ માટે રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તેણે પોલીસ ટીમ પર હુમલો કરી દીધો. આ હુમલામાં બે પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા. સ્વબચાવમાં પોલીસે વળતો ગોળીબાર કર્યો, જેમાં હુમલાખોર પણ ઘાયલ થયો. ઘટનાસ્થળને તાત્કાલિક કોર્ડન (ઘેરી) કરી દેવામાં આવ્યું હતું અને ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન હુમલાખોરનું મૃત્યુ થયું હતું. મૃતકની ઓળખ મુઝફ્ફરનગરના રહેવાસી અમન ત્યાગી તરીકે થઈ છે, જેની સામે એક ડઝનથી વધુ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તેની ધરપકડ માટે ?૫૦,૦૦૦નું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ ૧૯ કિલોના સિલિન્ડર દીઠ ૧૦ રૂપિયાનો વધારો કરાયો

એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં પ્રતિ લિટર ૧.૩૭ રૂપિયાનો વધારો

નવી દિલ્હી,

૧ નવેમ્બર ને રવિવારથી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી (LPG) સિલિન્ડરની કિંમતમાં ૧૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી તેની કિંમત ૨,૮૨૦ રૂપિયા થઈ ગઈ છે. ૧ ઓક્ટોબરના રોજ આ સિલિન્ડરની કિંમત ૨,૮૧૦ રૂપિયા હતી. કોમર્શિયલ એલપીજીના ભાવમાં સતત બીજા મહિને થયેલો આ વધારો છે, જેના કારણે તહેવારોની મુખ્ય મોસમ દરમિયાન હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય વ્યાપારી સંસ્થાઓ પર ખર્ચનો બોજ વધ્યો છે.

દિલ્હીમાં, ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત રવિવારથી ૧૦ રૂપિયા વધીને ૨,૮૨૦ રૂપિયા થઈ ગઈ છે; જ્યારે ૧ ઓક્ટોબરના રોજ તેની કિંમત ૨,૮૧૦ રૂપિયા હતી.

આ ભાવ વધારો વિવિધ મોટા શહેરોમાં અલગ-અલગ છે. મુંબઈમાં કિંમત ૧૦.૫૦ રૂપિયા વધીને ૨,૭૭૫ રૂપિયા થઈ છે, જ્યારે ચેન્નાઈમાં ૧૧.૫૦ રૂપિયાનો વધારો થતાં કિંમત ૨,૯૯૪.૫૦ રૂપિયા પર પહોંચી છે. કોલકાતામાં સૌથી વધુ ૧૭ રૂપિયાનો વધારો નોંધાયો છે, જ્યાં હવે સિલિન્ડરની કિંમત ૨,૯૭૧ રૂપિયા થઈ ગઈ છે.

આ પહેલાં ૧ ઓક્ટોબરના રોજ સિલિન્ડર દીઠ ૬૨.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો, અને તે અગાઉ ૧ સપ્ટેમ્બરના રોજ ૯.૫૦ રૂપિયાનો વધારો થયો હતો.

તાજેતરના આ ભાવ વધારા અગાઉ, ઓગસ્ટમાં ૧૯૨ રૂપિયા અને જુલાઈમાં ૧૮૩.૫૦ રૂપિયાનો ઘટાડો સતત બે મહિના સુધી કરવામાં આવ્યો હતો. આ ઘટાડા પહેલાં, જૂન મહિનામાં કોમર્શિયલ એલપીજીના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. તે સમયે વૈશ્વિક ઊર્જા પુરવઠામાં અવરોધો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઊંચા ભાવોને કારણે કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ હતી.

ચક્રવાત 'મુરાસુ': હવામાન વિભાગની આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ભારે વરસાદની ચેતવણી

માછીમારોને બંગાળની ખાડીમાં ન જવા સૂચના

નવી દિલ્હી,

ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે, બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ અને તેને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય ભાગમાં સર્જાયેલું 'ડીપ ડિપ્રેશન' (ઊંડું દબાણ) વધુ તીવ્ર બનીને ચક્રવાતી તોફાન 'મુરાસુ' માં ફેરવાઈ ગયું છે. આંધ્રપ્રદેશમાં 'અનર્બ' ચક્રવાત ત્રાટક્યાના થોડા દિવસો બાદ, હવે ૩ નવેમ્બર સુધીમાં આ દરિયાકાંઠાના રાજ્યમાં ભારે ગતિએ પવન ફૂંકાવાની શક્યતા છે. જો આ હવામાન પ્રણાલી સંપૂર્ણપણે ચક્રવાતમાં વિકસે છે, તો તેને 'મુરાસુ' નામ આપવામાં આવશે. તમિલ ભાષામાં 'મુરાસુ'નો અર્થ 'ઢોલ' (drum) થાય છે. આ નામ ભારત દ્વારા સૂચવવામાં આવ્યું હતું.

IMDના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, આ તોફાન ૩ નવેમ્બરની વહેલી સવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકે તેવી શક્યતા છે. તેમણે ઉમેર્યું કે, આ દરમિયાન ૮૦ થી ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જેની ગતિ ૧૦૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

એક વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, મહાપાત્રાએ એમ પણ કહ્યું કે નવેમ્બર મહિનામાં દેશના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ અને સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની શક્યતા છે.

ન્યાય પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે તમિલનાડુ સરકારનું મોટું પગલું!!

તમિલનાડુ સરકારે ૨૬ નવી POCSO વિશેષ અદાલતો, ૪ NDPS વિશેષ અદાલતો સ્થાપવા માટેના આદેશો જારી કર્યા

ચેન્નાઈ,

મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના નિર્દેશોને પગલે, તમિલનાડુ સરકારે ૨૬ નવી POCSO (પોક્સો) વિશેષ અદાલતો અને ૪ NDPS (એનડીપીએસ) વિશેષ અદાલતો સ્થાપવાનો આદેશ આપ્યો છે. આ પગલાનો ઉદ્દેશ્ય ન્યાય પ્રક્રિયાને ઝડપી બનાવવાનો તેમજ મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓ અને નશીલા પદાર્થોના દુરુપયોગને રોકવાનો છે.

રવિવારે અહીં જાહેર કરાયેલી એક સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકાર મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓને રોકવા, ગુનેગારો સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા અને પીડિતોને સમયસર ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે સતત વિવિધ પહેલ કરી રહી છે. રાજ્યભરમાં પેન્ડિંગ (લંબિત) POCSO કેસોની સ્થિતિ અંગે તાજેતરમાં યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન, મુખ્યમંત્રી વિજયે કેસોના આંકડા, વર્તમાન સ્થિતિ અને વધારાની સમર્પિત અદાલતોની જરૂરિયાત વિશે વિગતવાર પૂછપરછ કરી હતી. આ સમીક્ષા બાદ, મુખ્યમંત્રીએ અધિકારીઓને તમામ જિલ્લાઓમાં સમર્પિત POCSO અદાલતો સ્થાપવા માટે તાત્કાલિક પગલાં લેવા અને ગુનેગારોને કાયદેસરની સજા અપાવવા માટે ટ્રાયલ (ન્યાયિક કાર્યવાહી) ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો. હાલમાં, રાજ્યમાં POCSO કેસો માટે ૨૨ વિશેષ અદાલતો કાર્યરત છે અને વધુ ૪ અદાલતો ટૂંક સમયમાં કાર્યરત થવાની તૈયારીમાં છે. પેન્ડિંગ કેસોની સંખ્યાને ધ્યાનમાં રાખીને, સરકારે કુલ ?૪૬.૫૯ કરોડના ખર્ચે ૨૬ નવી વિશેષ અદાલતો સ્થાપવાનો આદેશ આપ્યો છે, જેમાં ૧૨ નવી વિશેષ અદાલતો અને ૧૪ વધારાની વિશેષ અદાલતોનો સમાવેશ થાય છે.

ઉત્તર કોરિયાએ ઉચ્ચ-ઘનતા શક્તિ ધરાવતા ક્લસ્ટર બોમ્બ વોરહેડનું પરીક્ષણ કર્યું

દક્ષિણ કોરિયા સાથે તણાવ વધતા ઉત્તર કોરિયા એ કર્યું મોટું પરીક્ષણ

ઉત્તર કોરિયા

ઉત્તર કોરિયાએ શનિવારે વ્યૂહાત્મક બેલિસ્ટિક મિસાઈલો પર માઉન્ટ કરવા માટે રચાયેલ ક્લસ્ટર-બોમ્બ વોરહેડનું પરીક્ષણ કર્યું હોવાના અહેવાલ છે, જેથી "લડાઈ માટે અનુકૂલન અને વ્યૂહાત્મક બેલિસ્ટિક મિસાઈલો પર ટિપ કરવા માટે ક્લસ્ટર-બોમ્બ વોરહેડની શક્તિનું મૂલ્યાંકન કરી શકાય."

પરમાણુ રાજ્ય દ્વારા હુમલો ડ્રોન, નવી ચોકસાઈ-માર્ગદર્શિત ટોર્પિડો સિસ્ટમ અને મધ્યવર્તી-અંતરની હાઇપરસોનિક મિસાઈલ સહિત વિવિધ પ્રકારના શસ્ત્રોનું પરીક્ષણ કર્યા પછી આ પરીક્ષણ કરવામાં આવ્યું છે. બંને કોરિયા વચ્ચે ભારે કિલ્લેબંધીવાળી સરહદ પર લેન્ડમાઈન વિસ્ફોટ બાદ તાજેતરના અઠવાડિયામાં ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

એક ક્લસ્ટર બોમ્બ સામાન્ય રીતે ડઝનેકથી સેંકડો નાના વિસ્ફોટક સબમરીન છોડે છે, જેનાથી તે વિશાળ વિસ્તારમાં અનેક લક્ષ્યો પર હુમલો કરી શકે છે. આ બોમ્બને "તેની સૌથી વધુ ઘનતા શક્તિ સાથે ૧૨ થી ૧૩ હેક્ટરના લક્ષ્ય વિસ્તારને રાખમાં ફેરવવામાં સક્ષમ બનાવે છે", મિસાઈલ એડમિનિસ્ટ્રેશન હેઠળની સંશોધન સંસ્થાઓએ KCNA ને પુષ્ટિ આપી. મિસાઈલ એડમિનિસ્ટ્રેશનના જનરલ ડિરેક્ટર મુજબ, ક્લસ્ટર-બોમ્બ વોરહેડ્સને તેમના હેતુવાળા હેતુઓના આધારે ચાર શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. "આ વર્ષની અંદર અમે એકમોને ઓપરેશનલ ઉદ્દેશ્યો અને લક્ષ્યોની ચોક્કસ લાક્ષણિકતાઓ અનુસાર તે બધા પ્રકારો પસંદ કરવા અને તેનો ઉપયોગ કરવા સક્ષમ બનાવીશું," ડિરેક્ટરે KCNA ને જણાવ્યું.

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન શનિવારે મિસાઈલ પરીક્ષણ માટે હાજર નહોતા પરંતુ એપ્રિલમાં બેલિસ્ટિક મિસાઈલ પર લગાવેલા ક્લસ્ટર-બોમ્બ વોરહેડ્સના પરીક્ષણ-લોંચનું નિરીક્ષણ કર્યું હતું, તેમની સાથે તેમની પુત્રી જુ એ પણ હતી.

ઉત્તર કોરિયા, દક્ષિણ કોરિયા વચ્ચે તણાવ

ઉત્તર૫શ્ચિમ કાઉન્ટી ચોંગજુ નજીકના વિસ્તારમાંથી પીળા સમુદ્ર તરફ છોડવામાં આવેલા મિસાઈલ પ્રક્ષેપણ પર દક્ષિણ કોરિયાની સૈન્ય દ્વારા નજીકથી નજર રાખવામાં આવી રહી છે કારણ કે બંને દેશો વચ્ચે તણાવ



વધુ રહે છે. "દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે નજીકથી માહિતી શેરિંગ હેઠળ, (અમે) ઉત્તર કોરિયાના મિસાઈલ પ્રક્ષેપણ પહેલાં સંબંધિત પ્રવૃત્તિઓ પર નજર રાખી હતી અને તૈયારી જાળવી રાખી હતી," દક્ષિણ કોરિયાના સંયુક્ત ચીફ્સ ઓફ સ્ટાફે રવિવારે, પરીક્ષણના એક દિવસ પછી જણાવ્યું હતું, જેમ કે યોનહાપ ન્યૂઝ એજન્સી દ્વારા અહેવાલ છે.

જેમના વિઝા રદ થયા છે તેમાં મોટાભાગના એવા લોકોના વિઝા છે જેઓ હવે અહીં રહેવા માટે પાત્ર નથીઃ અમેરિકા

ટ્રમ્પ વહીવટીતંત્રે ૩,૦૦,૦૦૦થી વધુ વિઝા રદ કર્યા

વોશિંગ્ટન,

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા ૩૦૦,૦૦૦ થી વધુ યુએસ વિઝા રદ કર્યા છે, જેમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે કે મોટાભાગના રદ કરવામાં એવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેઓ ગુનાહિત પ્રવૃત્તિ, જાહેર સલામતી ચિંતાઓ, ઈમિગ્રેશન ઉલ્લંઘનો અથવા છેતરપિંડીને કારણે હવે વિઝા રાખવા માટે લાયક નથી.

૬ પરની એક પોસ્ટમાં, સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે મોટાભાગની રદબાતલ ગુનાહિત પ્રવૃત્તિ, જાહેર સલામતી ચિંતાઓ, ઈમિગ્રેશન ઉલ્લંઘનો, છેતરપિંડી અથવા ખોટી રજૂઆત, અથવા અન્ય માહિતી સાથે જોડાયેલી હતી જે દર્શાવે છે કે વ્યક્તિ હવે યુએસ વિઝા માટે લાયક નથી.

"આ રદબાતલ મોટાભાગની



ગુનાહિત પ્રવૃત્તિ, જાહેર સલામતી ચિંતાઓ, ઈમિગ્રેશન ઉલ્લંઘનો, છેતરપિંડી અથવા ખોટી રજૂઆત, અથવા અન્ય માહિતીને કારણે હતી જે દર્શાવે છે કે વ્યક્તિ હવે વિઝા માટે લાયક નથી," વિભાગે જણાવ્યું હતું. આ નિવેદન વહીવટીતંત્રના ખુલાસા બાદ આવ્યું છે કે તેણે જાન્યુઆરી ૨૦૨૫ માં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમનો બીજો કાર્યકાળ શરૂ કર્યો ત્યારથી ૩૦૦,૦૦૦ થી વધુ વિઝા રદ કર્યા છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટ શા માટે કહે છે કે વિઝા રદ કરવામાં આવ્યા હતા. વિભાગે ગુનાહિત વર્તણૂક, ઈમિગ્રેશન નિયમોનું ઉલ્લંઘન અને વિઝા ધારકો દ્વારા પૂરી પાડવામાં આવેલી ખોટી માહિતીને રદ કરવાના મુખ્ય કારણો તરીકે ગણાવી છે.

જાહેર સલામતીની ચિંતાઓ અને વ્યક્તિની પાત્રતાને અસર કરતી અન્ય માહિતી પણ રદ કરવાના કારણોમાં શામેલ હતી.

તાજેતરના નિવેદનમાં વિઝા શ્રેણી, રાષ્ટ્રીયતા અથવા વ્યક્તિગત કારણ દ્વારા રદ કરાયેલા વિઝાનું વિગતવાર વિભાજન આપવામાં આવ્યું નથી. તે એ પણ ઓળખતું નથી કે કેટલા રદ કરવામાં વિદ્યાર્થીઓ, કામચલાઉ કામદારો, પ્રવાસીઓ અથવા અન્ય વિઝા ધારકોનો સમાવેશ થાય છે.

વહીવટીતંત્રે તેના અભિગમને વિઝા સ્ક્રીનીંગને મજબૂત બનાવવા અને ઈમિગ્રેશન કાયદાઓ લાગુ કરવાના વ્યાપક પ્રયાસના ભાગ રૂપે વર્ણવ્યું છે.

ભાવેણાના આકાશમાં ગુંજ્યો શૌર્યનો નાદઃ ભારતીય વાયુસેનાએ એર શો દ્વારા અંકિત કરી શૌર્ય, સમર્પણ અને સાહસની ગાથા

નવ હોક વિમાનોના અદભુત હવાઈ કરતબો અને ત્રિરંગાની રંગછટાએ કર્યા મંત્રમુગ્ધ













રોમાંચક અને દિલધડક એર શો નિહાળી ભાવનગર વાસીઓનાં દિલ ગાર્ડન ગાર્ડન થયા -ભાવનગર વાસીઓની છાતી ગજ ગજ ફુલી, આંખોમાં હર્ષાશું આવી ગયાંઃ યાદગાર અને ઐતિહાસિક એર શો બદલ વાયુસેનાના વીર જવાનોને લોકોએ દિલથી સલામ કરી, મંત્રી નિમુબેન પર ચોમેરથી અભિનંદનની વર્ષા

ભાવનગર,તા.૨

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના વિશેષ પ્રયાસોથી ભાવનગરના ઈતિહાસમાં પ્રથમ વખત ગૌરીશંકર તળાવ (બોરતળાવ) ખાતે રવિવારે ભારતીય વાયુસેનાનો ભવ્ય 'સૂર્યકિરણ એર શો' યોજાયો જે પૂર્વ ધારણા મુજબ જ જબ્બર અને યાદગાર રહ્યો. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને મેયર ઉષાબેન તલરેજાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઐતિહાસિક પ્રદર્શનમાં સૂર્યકિરણ એરોબેટિક ટીમે પોતાની અદભુત હવાઈ કળાથી આકાશમાં અદ્ભુત નઝારો સર્જ્યો હતો.

આ પ્રદર્શન દરમિયાન નવ લાલ અને સફેદ રંગનાં હોક એમકે-૧૩૨ જેટ વિમાનોએ એકસાથે ઉડાન ભરીને ફોર્મેશન, લૂપ્સ, રોલ્સ અને વિંગટિપ-ટુ-વિંગટિપ જેવા રોમાંચક કરતબો રજૂ કર્યા હતા. વિમાનો દ્વારા આકાશમાં કેસરી, સફેદ અને લીલા રંગના ધુમાડાથી ત્રિરંગાની ભવ્ય છટા ઉપસાવવામાં આવી હતી, જેને જોઈને હજારોની સંખ્યામાં ઉપસ્થિત નગરજનો રોમાંચિત થઈ ઉઠ્યા હતા. આશરે ૨૦ મિનિટથી વધુ ચાલેલા આ એર શો એ ભાવેણાવાસીઓમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની અપાર લાગણીનો સંચાર કર્યો હતો.

આ ઉપરાંત સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ બેન્ડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા દેશભક્તિના સંગીતે વાતાવરણને વધુ દેશપ્રેમમય બનાવ્યું હતું. બરોડાથી સંચાલિત થયેલા આ એર શોના પ્રારંભે મહાનુભાવો દ્વારા બેન્ડ ટીમના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ યાદગાર અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, ધારાસભ્યો સેજલબેન પંડ્યા, ગૌતમભાઈ ચૌહાણ, ભીખાભાઈ બારૈયા, કમિશનર ડો. નરેન્દ્રકુમાર મીના, કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલ તેમજ સૂર્યકિરણ ટીમના સ્ક્વોડ્રન લીડર વિક્રમ અને શરદ ગોયલ સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર વાસીઓ કહુબ મોટી સંખ્યામાં એર શો નિહાળવા બોરતળાવ ખાતે ઉમટી પડતા જાણે માનવ કીડિયારું ઉભરાયુ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. બોરતળાવ ઉપરાંત આજુબાજુના વિસ્તારોમાં અગાસીઓ તેમજ શહેરમાં દૂર દૂર સુધી એર શો જોવા મળતા લોકો રોમાંચિત થયા હતા. શહેરના ઓવર બ્રિજ પર પણ વાહનો લઈને લોકોએ ઉભા રહી એર શો માણ્યો હતો.

નિલમબાગ સ્વિમિંગ પુલના ગેટ પાસેથી દારૂની ૨૬૬ બોટલો સાથે બે ઝડપાયાં

પેરોલ ફર્લો સ્કવોડની કાર્યવાહી, ૩૭,૫૦૬નો વિદેશી દારૂ સહિત કુલ રૂ.૩૯,૧૦૬નો મુદ્દામાલ કબજે

ભાવનગર, તા.૨

ભાવનગર શહેરમાં દારૂની હેરાફેરી સામે પેરોલ ફર્લો સ્કવોડે કાર્યવાહી કરી નિલમબાગ સર્કલ નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વિમિંગ પુલના ગેટ પાસેથી એક યુવક અને એક મહિલાને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યાં હતાં. તેમની પાસેથી પરપ્રાંતીય ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૬૬ સીલપેક બોટલો મળી આવતાં પોલીસ દ્વારા મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, પેરોલ ફર્લો સ્કવોડનો સ્ટાફ શહેરમાં પ્રોહિબિશન અને જુગારના ગુનાઓ શોધવા પેટ્રોલિંગમાં હતો. દરમિયાન નિલમબાગ સર્કલ પાસે એક પુરુષ અને મહિલા મોટા થેલા તથા સુટકેસ સાથે શંકાસ્પદ હાલતમાં જોવા મળતાં તેમને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન રાજવીર સુશીલ ગારંગે (ઉં.વ.૧૯, રહે. અમદાવાદ) પાસેથી તથા સાનિયા આદિત્ય રાઠોડ (ઉં.વ.૨૧, રહે. ભાવનગર) પાસેથી બે અલગ-અલગ બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૩૭,૫૦૬નો દારૂ, બે થેલા અને એક સુટકેસ મળી કુલ રૂ.૩૯,૧૦૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો. યુવકની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે રાત્રિનો સમય હોવાથી મહિલાની અટકાયત કરવામાં આવી નથી. આ અંગે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) અને ૮૧ મુજબ કાર્યવાહી હાથ ધરાઈ છે.

નારી ચોકડીએ થેલામાં સંતાડેલી વિદેશી દારૂની ૩૮ બોટલો સાથે અમદાવાદનો વેપારી ઝડપાયો

વરતેજ પોલીસની નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી, ખોડિયાર પાનના ગલ્લા પાસેથી રૂ.૩,૨૩૦નો પરપ્રાંતીય વિદેશી દારૂ કબજે

ભાવનગર, તા.૨

ભાવનગર શહેરની નારી ચોકડી પાસે ખોડિયાર પાનના ગલ્લા નજીક થેલામાં સંતાડીને વિદેશી દારૂનું વેચાણ કરવાની પેરવી કરતા અમદાવાદના એક વેપારીને વરતેજ પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની ૩૮ સીલપેક બોટલો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તા.૧ નવેમ્બરના રોજ વરતેજ પોલીસનો સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન નારી ચોકડી પાસે ખાનગી બાતમી મળી હતી કે ખોડિયાર પાનના ગલ્લા પાસે એક શખ્સ થેલામાં દારૂની બોટલો રાખી વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસ સ્ટાફે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.આ દરમિયાન સુયશભાઈ અશ્વિનભાઈ મહેતા (ઉં.વ.૪૩, રહે. નવરંગપુરા, અમદાવાદ) નામનો શખ્સ થેલો લઈને ઊભેલો મળી આવ્યો હતો. થેલાની તપાસ કરતાં ICONIQ WHITE વિસ્કીની ૧૮૦ એમ.એલ.ની ૩૮ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ.૩,૨૩૦ થાય છે. દારૂ અંગે પાસ-પરમિટ ન હોવાથી પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી. આ અંગે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



કુંભારવાડામાં BMCના કર્મચારી પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ

ભાવનગર,તા.૨

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં BMCમાં કોન્ટ્રાક્ટ બેઝ પર સોલિડ વેસ્ટ વિભાગમાં ઈન્ચાર્જ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ૨૮ વર્ષીય ગૌતમભાઈ પરમાર પર હુમલો કર્યાની ઘટના બોરતળાવ પોલીસ મથકે નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ગત તા. ૧ નવેમ્બરના રોજ રાત્રે ૮:૪૫ વાગ્યાના અરસામાં ગૌતમભાઈ મોટરસાઈકલ પર કુંભારવાડા વિસ્તારમાં આ વેલ વિક્ટરના કાંટા પાસે પહોંચ્યા ત્યારે નિકુલ ગણપતભાઈ મકવાણા, હરીશભાઈ રાઠોડ અને અમિત ચાવડા ત્યાં ઊભા હતા. દરમિયાન નિકુલે ગૌતમભાઈને બોલાવી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ગૌતમભાઈ પોલીસને ફોન કરવા મોબાઈલ કાઢતા નિકુલે તેમનો હાથ અને મોબાઈલ પકડી રાખી છૂટા હાથે માર માર્યો હતો. જેમાં તેમને મુંઢ ઈજાઓ થઈ હતી.

આ ઉપરાંત, પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ નિકુલ ગૌતમભાઈના ઘર સામે આવી જાહેરમાં તેમના પરિવારને પણ ગાળો ભાંડી જતો રહ્યો હતો. પિતા સાથે અગાઉ થયેલી બોલાચાલીની દાઝ રાખી હુમલો કર્યાની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસે નિકુલ મકવાણા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





